સ્વામી રામતીર્થ

નાં

વચનામૃતો

પ્રકાશક

ભાવસાર સોમાભાઈ ચાંગનચંદ

ઠે૦ ' ભાવસાર બુકસેલર '

રાયપુર વખારી શેરી, અમદાવાદ

કિંમત રૂ. ૦—૬—૦

printed at Ivaju Brother P. Works

ૐ

॥ श्री कृष्णाय नमः ॥

સ્વામી રામતીર્થનાં

વચનામૃતો.

સંગ્રહ કર્તા.

જયકીશનદાસ પ્રભુદાસ શાહ.

મુ. જગડીયા. વાયા અંકલેશ્વર.

પ્રસિદ્ધ કર્તા.

ત્રીકમલાલ સાંકળચંદ ભાવસાર.

તંત્રીઃ—'ભાવસાર શુભેચ્છક'

રાયપુર વચલીશેરી—અમદાવાદ.

મૂલ્ય રૂ. ૦—૮—૦

સંવત ૧૯૭૬ સને ૧૯૧૯

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦

ધી અમરસિંહજી પ્રીન્ટીંગ પ્રેસમાં
પઠાણ નુરખાન અમિરખાન વકીલે છાપ્યું
લાલ દરવાજા–અમદાવાદ.

પ્રસ્તાવના.

વાચક! શીર્ષકમાં લખેલ પ્રસ્તાવના શબ્દ જોતાં તને વિચાર થશે, કે આ સ્વામી રામતીર્થના સદુપદેશમાંના રસમય વાકયોની ચુંટણીને વળી પ્રસ્તાવનાનું પ્રયોજન શું? કિન્તુ પ્રસ્તાવના એ લેખક—સંગ્રહ કરનારના હૃદયોદગાર બહાર પાડવાનું સ્થાન છે. તદનુસાર હું મારા ઉછળતા હૃદયના ઉદ્ગારો ગાંડાઘેલા જે કાંઇ બહાર પાડું તે બદલ દોસ્તની દૃષ્ટિએ નિહાળજે!

સ્વામી રામતીર્થ—રામ નામથી ભારતવર્ષનો શિક્ષિત વર્ગ ભાગ્યેજ અજાણ હશે. એવા મહાત્માને મારા જેવો અલ્પજ્ઞ શું વર્ણવી શકે? ખરેખર એ મહાત્માની વાણી—ભાષા તે નિર્દોષ મધુરપક્ષી, પુષ્પ, વહેતાં ઝરણાં, હાલતી વૃક્ષલતા, સૂર્ય, ચંદ્ર અને નક્ષત્રોની ભાષા હતી. તેમની ભાષા તે સંસારના તેમજ સંસારી લોકોના બાહ્ય દેખાવોની આંતરપ્રદેશમાં વહન કરતી ભાષા હતી.

તેઓ પૂજ્યશ્રીની ઉપરોક્ત વર્ણનાનુસાર ભાષા ને વળી આતો રસમય વાકયોની ભાષા માટે તો કહેવાનુંજ શું? એ દૈવી અલૌકીક ભાષા જો ભારતવર્ષની પ્રત્યેક વ્યક્તિ વાંચી, વિચારે તો હાલમાં અધોગતિમાં સડતું ભારત ઉન્નતિની પરિસીમાને પ્રાપ્ત કરે એમાં સંદેહ શું?

અહાહા! એ ભાષાનાં ગુણાનુવાદ કરતાં કરતાં મહાન વિદ્વર્ય બન્ધુઓની લેખીનીઓ અટકી પડી તો મારી અલ્પજ્ઞની લેખીનીનું ગજું શું? એમનું જીવન મહાસાગરો, ક્ષેત્રો, વૃક્ષોનાં મૂળો ને કુદરતમાં ઉંડામાં ઉંડું વહન કરતું હતું; એટ-

લુંજ નહિં કિન્તુ એમનું જીવન તે કુદરતનુંજ જીવન હતું. મનુષ્યના અલ્પ વિચારો ને ઉછળતા તરંગોને ભેદીને અંતિમ ઉંડાણના પ્રદેશમાં પણ તેમની ભાષા પ્રવેશી ચુકી હતી. એવા કેટલાક કર્ણો કે જેમણે એ અલૌકીક ને મધુર ગાનનું શ્રવણ કર્યું છે, તેઓ ખરેખર ભાગ્યશાળી છે. રામ સ્વામીએ તે રમ્ય ગાનનું આંતરિક શ્રવણ કર્યું છે; બલ્કે તેથી વધીને તે રમ્ય ગાનમય અલૌકીક જીવન પણ તેમણે ગાળ્યું છે. ટૂંકામાં તેઓ દિવ્ય ગાનમયજ હતા, તેમનો શ્વાસ પણ દિવ્ય ગાન-મયજ હતો, તેમનો ઉપદેશ પણ તે રમ્ય ગાનમયજ હતો, તેમનો અખંડ આત્મા તે રમ્ય ગાનમાંજ મશ્ગુલ રહેતો હતો. ખરેખર ! તેઓ એક આનંદપૂર્ણ સ્વર્ગીય દેવદૂતજ હતા.

હે વિમુકતાત્મા ! જેણે પોતાના ક્ષણભંગુર-સ્થુળ દેહ સાથેનો સંબંધ પરિપૂર્ણ કર્યો છે; એવા હે આત્મા—મહાત્મા હે દિવ્ય ગનનગામી—આત્મા ! હે અનિર્વંચનિય આનંદના ભંડાર ! હે હજારોના અંતરને ઉન્નતિના પંથમાં પ્રેરી રહેલ મહાન આત્મા ! તને મારા સાષ્ટાંગ પ્રણામ હો !

અહાહા ! શું એમનું આ ફાની દુનીયાનું સ્વર્ગીય જીવન, એમની દૈવીકૃતિ ને અલૌકિક ગતિ ! ટૂંકમાં એમનો બધો જીવન પ્રવાહ વિલોકતાં પ્રત્યેક સ્થળે મનુષ્યને કાંઇને કાંઇ શીખવાનુંજ મળે છે ! એ શિક્ષણ આ અલ્પાયુ મનુષ્ય જો પૂર્ણપણે ગ્રહણ કરેતો તેને ભવાટવીમાં ભટકવાનું ટળે ! અન્તે ઉચ્ચ સ્થાન—મોક્ષ મળે ! ને સૃષ્ટિમાં અમર રહે ! પણ તે જ્યારે ગ્રહણ કરે ત્યારે ! કિન્તુ એ પૂર્ણપણે ગ્રહણ કરનાર

ભાગ્યેજ સેંકડે પાંચ કે દશ મનુષ્ય મળે! જો આપણે મત-મતાંતરનો ઝઘડો તજી, એમના જીવનમાંના પ્રત્યેક ભાગો પૂર્ણ-પણે મનન કરી ગ્રહણ કરીએ, તો પછી બાકીજ શું?

વાચક બન્ધુ! મેં તને આ સ્થળે શું કહેવા રોકેલો! ને હું શું ભરડી–કહી ગયો! અરેરે હું તો કાંઇ આ **इदम तृत्यम**! જ કહી ગયો! માફ કરજે ભાઈ! જા હવે જા! તને પૂર્ણપણે રજા છે. ઉન્નતિના શીખરે પહોંચવાને આતુર બન્ધુ જા હવે જા! વચમાં કયાંય ન રોકાતાં સીધોજ તે પૂજ્ય મ-હાત્માશ્રીના અમૃતમય વાકયો તરફ ચાલ્યો જા! મહા-ત્માશ્રીના વાકયોના અમૃતમય સરમાંથી તને ભાવે અને ફાવે તેટલું અમૃતપાન કર્યાકર! જા પૂજ્ય પવિત્ર કૃષ્ણચંદ્રપ્રભુના પવિત્ર અંશ જા! તને ત્યાં જતાં કોઈ રોકનાર નથી. એ સ્વર્ગીય અમૃતનું દિવ્ય નીશો ઉપજાવનારૂં પાન કર! તારી પ્રત્યેક રગમાંને પ્રત્યેક વૃત્તિમાં પ્રસરાવ ને મસ્ત બન! ત્હારા પ્રત્યેક અણુને તે અલૌકીક રસપ્રવાહમાં સ્નાન કરાવજે! શા માટે? પૂજ્ય રામ કહેતા કે મનુષ્યનો કહેવાતો અણુંએ અણું તે રામનોજ છે. અર્થાત રામજ છે.

किन्नाम रोदिषि सखे त्वयि सर्वशक्ति ॥
आमन्त्रयस्व भगवन् भगदं स्वरुपम् ।
कैर्स्य लोकयमेतद खिलं तव पादमूल ॥
आत्मैव हि प्रभवते न जहः कदाचित ।

ભાવાર્થ—બંધુ! શા માટે તું રડે છે? તારામાં સર્વ શક્તિ રહેલી છે–તું સર્વ શક્તિમાન છે. હે ભગવન્ તારા ઐશ્વર્યસંપન્ન સ્વરૂપને તું જાગૃત કર! (જો તું આ પ્રમાણે વર્તશે) તો આ અખિલ વિશ્વ તારા પગમાં પડશે! આત્મા-જ (સર્વત્ર) વિજય પાત્ર છે, જડ નહિં.

રામની સ્વાભાવિક અનુપમ મહત્તાને આવૃત કરનારા ક્ષુદ્ર વિકારો ગમે ત્યારે, ગમે ત્યારથી અને ગમે તે કારણથી એ અણુઓપર ચઢી ગયા હશે; તે એ અમૃતમય સરના પુનઃ પુનઃ સ્નાનથી પલાયન કરી જશે. રામની સર્વ મહત્ત–મોટાઇ–ગંભીરપણું તે તારૂંજ હતું, છે અને રહેશે! એવી સ્પષ્ટ પ્રતીતિ તને થશે. રામના જેવોજ તું–રામ તેજ તું બની જઇશ. **तत्वमसि**!

મને આ પૂજ્યશ્રીના સદુપદેશનો રસ ચખાડનાર મારા પૂજ્ય માસ્તર સાહેબ છોટાલાલ મોતીરામ વ્યાસ (હાલ જગડીયા)નો હું આ સ્થળે અંતઃકરણ પૂર્વક સાષ્ટાંગસહ આભાર માનુંછું કારણકે મારૂં જ્ઞાન તે શું? ખરેખર મને એ પૂજ્ય શ્રીના સદુપદેશના અમૃતમય સરમાં તરબોળ કરનાર મારા તે પૂજ્ય ગુરૂશ્રીજ હતા. તેમની કૃપા ને સદુપદેશદ્વારાજ આમાંથી કાંઈક પ્રાપ્ત કરી શકયો છું! એટલે કે જો મેં કાંઇ આ સંગ્રહ કર્યો હોય તો તે એ પૂજ્યશ્રીની કૃપાનુંજ ફળ છે. ધન્ય છે એવા માસ્તર સાહેબોને! જો આ પ્રમાણે પ્રત્યેક માસ્તર સાહેબો પોતાના સીમાવાળા શિક્ષણની સાથે સાથે કાંઇક આવા ઉપદેશો તરફ વિદ્યાર્થીઓને દોરે તો દરેક વિદ્યાર્થી પોતાથી

બનતું પોતાનું કલ્યાણુ પોતાની જાતેજ કરી શકે, એમાં શું કાંઇ શક છે? જેથી પુનઃ તેઓશ્રીનો આભાર માનતાં પ્રેમસહ વંદન કરી લેખીનીને આગળ વહેવરાવું છું. સાથે સાથે મેં આ રસમય વાકયોનો સંગ્રહ કરી તેને પ્રસીદ્ધ કરવા જનહિતમાંજ તલ્લીન રહેલ સસ્તા સાહિત્ય વર્ધકના તંત્રીશ્રીની પરવાનગી માગી તો તરતજ તે ઉદારચિત્ મહાત્મા અખંડાનંદજીએ વિના વિલંબે મને પરવાનગી આપી; જેથી મારી ફરજ છે કે તેમનો પણુ આભાર મારે માનવોજ જોઇએ. ઉપરોક્ત આભારોસહ એક તૃતીય વ્યક્તિનો પણુ આ સ્થળે આભાર માનવાની જરૂર મને જણાય છે. વાચક! જ્યારે હું તે તને કહીશ ત્યારે તું કબુલ કરશેજ કે ખાસ તેમનો પણુ આભાર માનવો જોઇએ. એ તૃતીય વ્યક્તિ તે 'ભાવસાર શુભેચ્છક'ના તંત્રીશ્રી છે! મને મહાત્માશ્રીના સદુપદેશનાં દિવ્ય વચનોનો સંગ્રહ કરવા પ્રેરનાર મારા ગુરૂજી! ને તેને પબ્લીશ કરવાની પરવાનગી આપનાર મહાત્માશ્રી અખંડાનંદજી! પણુ તને પબ્લીશ કરનાર કોણુ? તેજ આ 'ભાવસાર શુભેચ્છક'ના તંત્રીશ્રી! માટે તેમનો હું વિશેષ ઋણિ છું.

વાચક બન્ધુ—ફાની દુનીઆમાં આ મારો પ્રથમ પ્રયાસ છે, જેથી તું મારા અલ્પજ્ઞના દોષો તરફ દૃષ્ટિ ન કરતાં હંસ ક્ષીર ન્યાયે અનુકૂળ ગ્રહી ભૂલની ક્ષમા બક્ષજે. **અસ્તુ.**

ધનત્રયોદશી **જગડીયા.** તા. ૨૧–૧૦–૧૯૧૯	લી. **જયકીશનદાસ પ્રભુદાસ શાહ.**

પ્રકાશકની પ્રસ્તાવના.

સ્વામી રામતીર્થનાં વચનામૃતોની પ્રસંશા લખવી એ સોનાને ઢોળ ચઢાવવાનો પ્રયત્ન કરવા સમાન છે, જેથી એ સંબંધે કાંઈ નહિ લખતાં એટલુંજ ઇચ્છીશ કે 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય' તરફથી પ્રસિદ્ધ થએલા 'સ્વામી રામતીર્થ'ના નવ ભાગરૂપી કામધેનુના પય–સત્વ સમાન આ સંગ્રહ જન-સમાજના આદરને પાત્ર થાઓ.

સંગ્રહકર્તાનો પ્રથમ પ્રયત્ન હોવાથી જે કાંઇ ક્ષતિ, આ નાનકડા પુસ્તકમાં વિદ્વાન વાચકોને જણાય, તે વિષે યોગ્ય સુચના લખી મોકલવા નમ્ર વિજ્ઞપ્તિ છે કે જેથી દ્વિતિય આવૃત્તિ બ્હાર પાડતાં તેમાં યોગ્ય સુધારો કરવામાં આવે.

છેવટે સંગ્રહકર્તાએ ઘણી મહેનતને અંતે તૈયાર કરેલ આ સંગ્રહ નિષ્કામભાવથી સર્વ હક્ક સાથે પ્રસિદ્ધ કરવાનો જે અધિકાર મને આપ્યો છે, તે બદલ આભારની લાગણી પ્રદર્શિત કરી અત્ર વિરમીશ!

લી. આપનો

ત્રિકમલાલ સાંકળચંદ ભાવસાર.



प्रोफेसर तीर्थरामजी (स्वामी रामतीर्थ पूर्वाश्रममां).

The Lakshmi Art, Byculla, Bombay.

સ્વામી રામતીર્થ

નાં

વચનામૃતો.

૧. પ્રેમમય સેવાના કુંડમાં મનનો પણ બલી આપવામાં આવે ત્યારેજ મનુષ્યના આત્મામાં રહેલાં સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં થઇ જાય છે.

૨. જગતમાં પોતાનો હક બજાવવો સહેલો છે, પરન્તુ પોતાનો ધર્મ બજાવવો મુશ્કેલ અને દુર્લભ છે.

૩. આપણે જો આપણા કર્તવ્યને વળગી રહીશું, તો આપણા હક અને અધિકાર એની મેળે આપણી પાસે આવશે. આપણે જો આપણા હકોનેજ વળગી રહીએ તો બીજાના મ્હોં સામું જોઈ બેસી રહેવાનું દુર્ભાગ્યજ આપણને પ્રાપ્ત થાયછે.

૪. જેણે આત્મસેવા કરી નથી, તેનાથી દેશસેવા થઇ શકતી નથી.

૫. કોલસા બળીને, લાકડાં કપાઈને અને વહાણો માણસોને પોતાના હૃદયપર ઉંચકી લઇ જઇને પણ દેશસેવા કરી શકે છે, તો શાસ્ત્રો ન ભણેલો અથવા હુન્નરકળા ન શીખેલો મનુષ્ય પોતાની સત્ય લાગણીના બળથી કેમ દેશસેવા ન કરી શકે ?

૬. આખા જગતને ચકિત કરી નાખી તેને દોરવાની જો તમારી ઇચ્છા હોય, તો જગતના સૌથી મોટા અને પાસેના ભાગ-

રૂપ આપણા આત્માને પ્રથમ ઢંઢોળીને જાગૃત કરો. તમે તમારા આત્માને ઢંઢોળશો તો આખી દુનિયા ઢંઢોળાશે. ન ઢંઢોળાય તો હું જવાબદાર છું! જેટલે અંશે આપણે આપણી જાતને હલાવીએ એટલે અંશે આપણે જગતને ખળભળાવી શકીએ!

૭. જેના ઉપર ઉભા રહીને આખી પૃથ્વીને હલાવી શકાય એવું સ્થાન તમારો આત્માજ છે. ત્યાં જઇને—પોતાના સ્વરૂપમાં સ્થિત થઈને—જે હીલચાલ આપણે કરીશું તે આખા જગતને હુચમચાવી મૂકશે.

૮. જ્યારે એક મનુષ્ય ઇશ્વરી પ્રકાશરૂપી ઉષ્ણુતાથી તપ્ત થઇને ઉન્નત થાય છે, ત્યારે તેની ઈચ્છા હોય કે ન હોય તોપણ તે જગતના લોકોની ઉન્નતિનું કારણ થઈ પડે છે.

૯. મનુષ્ય હિમ્મતથી ઉદ્યોગ કરે તો શું નથી થઇ શકતું? ન્હાનો સરખો કીડો પણ પત્થરમાં ઘર કરે છે; તો પ્રેમસ્વરૂપ ઈશ્વરના મનમાં મનુષ્ય કેમ વાસ ન કરી શકે?

૧૦. હે મનુષ્ય! તારામાં કંઈક એવું ઐશ્વર્ય અને અપરંપાર સામર્થ્ય છુપાએલું છે કે, તે યોગ્ય રીતે પ્રકટ કરવાથી દેશ, વિશ્વ અને વિશ્વનાથને પણ પ્રસન્ન કરી શકાય છે. હે! શરૂ થતી વસંતના રમણીય પુષ્પ! તું પ્રથમ વિકાસને તો પામ! તારી ત્હારા પ્રત્યેની આ ફરજ અદા કરવાથી બીજી સર્વ ફરજ એની મેળેજ અદા થઈ જશે.

૧૧. લુચ્ચાઈ આખરે લુચ્ચા સિવાય બીજા કોઈને ફસાવતી નથી. “ખાડો ખોદે તેજ પડે.” નીચ કામમાં વિજય મેળવવો એ ઝેરી મદિરાનું પાન કરવા તુલ્ય છે.

૧૨. જેવું બોલશો અથવા મનમાં લાવશો તેવુંજ તમારે થવું પડશે.

૧૩. જે દોષ આપણે બીજાનામાં શોધીએ છીએ, તે આપણા પોતાનામાં લાવીએ છીએ.

૧૪. તમારામાં એટલી શકિત છે, કે જે ચ્હાઓ તે કરી શકો.

૧૫. દૈવ તો કેવળ દુઃખથી મૃદુ થયેલા અંતઃકરણને આશ્વાસન આપવા માટેજ છે.

૧૬. જે પોતાને મદદ કરવા તૈયાર છે તેને મદદ કરવાને ઈશ્વર સદા તૈયાર છે.

૧૭. તમે ફક્ત લાયકજ બનો, એટલે કે ઇચ્છા નહિં કરો તો પણ તમારે યોગ્ય બધુંજ તમને પ્રાપ્ત થશે.

૧૮. ઉંઘમાં–સ્વપ્નમાં ખજાનો મળવાથી ત્હેને ભરોંસે જે અમીર થવા જાય છે, તે જેમ મૂર્ખ છે; તેવીજ રીતે આ માયિક જગતમાંની વસ્તુઓને ભરોંસે જે જીવે છે, તે જીવતો છતાં મૂર્ખ સમજવો.

૧૯. અહંકાર હોય ત્યાં ઈશ્વર નહીં અને ઇશ્વર હોય ત્યાં અહંકાર નહિં.

૨૦. જ્યારે સર્વ સ્વાર્થી સંપત્તિનો નાશ થશે, ત્યારેજ પરમેશ્વરનું દર્શન થશે.

૨૧. જેવી રીતે દૂધ અથવા બીજી કોઈ ચીજ રાખવાને માટે

વાસણને સાફ કરવાની જરૂર છે, તેવીજ રીતે હૃદયમાં આનંદને રાખવાને માટે હૃદયને પણ સાફ કરવાની જરૂર છે. લોકો કહે છે, કે ઘી ખાવાથી તાકાત આવે છે, પણ જ્યાં સુધી તેમાંથી મેલ નીકળી જતો નથી, ત્યાં સુધી ઘી નુકશાન કરે છે, જ્યાં સુધી કવીનાઈન-કરીઆતું અથવા એવીજ કોઇ કડવી દવા ખાવામાં ન આવે, ત્યાં સુધી તાવ દૂર થતો નથી; તેજ પ્રમાણે જ્યાં સુધી મન પવિત્ર અને શુદ્ધ થતું નથી ત્યાં સુધી જ્ઞાનનો રંગ કદિ પણ ચઢતો નથી.

૨૨. જે મનુષ્યો પશુઓની માફક બેપરવાથી પ્રજાની વૃદ્ધિ કરે છે, એટલુંજ નહિ પરન્તુ તેનાથી પણ બે ડગલાં આગળ વધીને વખત બેવખત મોજને માટે પોતાના વીર્યનો નાશ કરે છે; તેમને ધિક્કાર છે.

૨૩. એવો કોઇ દેશ નથી કે જે દ્રવ્યોત્પત્તિમાં હિંદુસ્થાન જેટલો પાછળ અને પ્રજોત્પત્તિમાં હિંદુસ્થાન જેટલો આગળ હોય!

૨૪. જે માણસને દુનિયાનાં નખરાં અને કટાક્ષ હલાવી શકતાં નથી, તે દુનિયાને જરૂર હલાવી શકશે.

૨૫. ઐશ્વર્ય અને જયનો આધાર ભૂમિપર નથી, પણ સત્ય અને ધર્મપરજ છે.

૨૬. ઉન્નતિ એ એકજ દેશની મિલ્કત નથી, અથવા તે એકજ જગ્યાએ ચ્હોંટી રહેતી નથી.

૨૭. ઐશ્વર્ય! દેશ કિંવા મનુષ્યપર આધાર રાખતું નથી.

૨૮. જેઓ સન્માર્ગે ચાલે છે, તેમનોજ જય થાય છે. જ્યાં

સુધી તેઓ સત્યથી ચાલે છે ત્યાં સુધીજ તેમનું ઐશ્વર્ય નભી રહે છે.

૨૯. પ્રેમને ખુશામત ગમતી નથી.

૩૦. ધર્મનો કોઇએ ઈજારો રાખી લીધો નથી. ગમે તે માણુસ ધર્મ પ્રમાણે આચરણુ કરી શકે છે.

૩૧. ખરૂં બોલવું, શાસ્ત્રોનું અધ્યયન કરવું અને તે પ્રમાણે ચાલવું, અહંકાર અને સ્વાર્થી વૃત્તિથી દૂર રહેવું, પરધન અને પરદારા જોઇને મનમાં મલીન વાસના ઉત્પન્ન થવા ન દેવી, જગતની લાલચો અને ધમકીઓના જાદુમાં ફસાઇને આપણા મૂળ સત્યસ્વરૂપને વિસરી ન જવું, મન દૃઢ અને વૃત્તિ સ્વતંત્ર રાખવી, એ ધર્મના નગદ ભાગો વિષે કોઈ ભિન્ન મત ધરાવતું નથી.

૩૨. લોકસેવા એજ ઈશ્વરસેવા છે.

૩૩. જ્ઞાન પ્રાપ્તીને માટે મીણબત્તીની પેઠે ઓગળવું જોઈએ.

૩૪. અભિમાન રાખી અલગ રહેનાર પોતેજ સુકાઈ જાય છે.

૩૫. હરકોઇ દેશે પ્રવાસથીજ પોતાની ઉન્નતિ કરી છે.

૩૬. વિદેશની વિદ્યા ભણવાથી વટલાઇ જવાતું નથી.

૩૭. જ્ઞાનની આપલે ન કરવાથી પોતાનેજ નુકશાન થાય છે.

૩૮. અમારા જ્ઞાનને લઇ જવાનો કોઇને પણ અધિકાર નથી, એમ જેઓ કહે છે, તેઓ પોતાના જ્ઞાનને અજ્ઞાનતાના રૂપમાંજ ફેરવી નાખે છે.

૩૯. પોતાના દેશને કંટકવન સમાન બનાવી દેવો એ શું ખરી દેશપ્રીતિ છે?

૪૦. આખા દેશનું જીવન એજ પોતાનું જીવન છે.

૪૧. વ્યવહારિક વેદાંત સિવાય જગતનું કે મોક્ષનું સુખ મળવું અશક્યજ છે.

૪૨. ધર્મનું રહસ્ય એજ છે કે આખા જગતનો આત્મા એજ આપણો આત્મા છે, એમ માનવું જોઇએ. ધર્મનું આ રહસ્ય જાણીને જે મનુષ્યોએ તેને અમલમાં મુકયું છે, તેમની ઉન્નતિ થઈ છે. જે મનુષ્યો આ રહસ્ય નથી સમજયા તે અવનતિના ખાડામાં પડયા છે.

૪૩. જાતિ, વર્ણ, પંથ વગેરેના ભેદ, સર્વ દુરાગ્રહી મતમતાંતરો અને ઝઘડાઓ, દેહ અને મન, દેશકાળ અને કાર્યકારણભાવ અને તેમાં વ્યાપી રહેલું સર્વ વિશ્વ, એ સર્વે ભુંસાઇ જઈને જ્યાં શબ્દ પણ પહોંચી શકતો નથી એવા પરબ્રહ્મનો સાક્ષાત્કાર થવો એજ ખરો ધર્મ છે.

૪૪. જ્યાં અશ્રુત વાતો સાંભળી શકાય છે, અજ્ઞાત બાબતો જાણી શકાય છે, અને અકલ્પિત બાબતોની કલ્પના થાય છે; એવા આત્માસમીપ અજ્ઞાતપણે જઇ પહોંચવું એજ જગતના ખરા કલ્યાણ માટે અવતરેલ વિભૂતિઓનું શિક્ષણછે.

૪૫. દશ્યસૃષ્ટિની આંતરિક શક્તિમાં લીન થવું એનું નામજ ધર્મ છે.

૪૬. ઉચ્ચ પ્રેમમાં 'પ્રેમી અને પ્રેમનો વિષય' એ ઉભયમાં કશો પણ ભેદ રહેતો નથી.

૪૭. ઇંદ્રિયોદ્વારા પણ સુખો મળે છે ખરાં; પરંતુ ઇંદ્રિયોદ્વારા સુખનો અનુભવ લેવો એ ખરાબ માર્ગે થઇને ભવ્ય દરબારમાં પ્રવેશ કરવા બરાબર છે, વળી ઇંદ્રિયસુખો સ્થાયી નહિ, પણ માત્ર વિજળીના ચમકારા જેવાં છે, અને તે વિજળી વસ્તુતઃ દિવસના પ્રકાશથી ભિન્ન નથી, તો પણ તે લાભ કરતાં હાની વધારે કરે છે.

૪૮. જેઓ ધર્મની મહત્તાને ઠઠ્ઠાબાજીમાં ઉડાવી દે છે, તેઓ પોતાની ઈચ્છા વિરૂદ્ધ આત્મઘાત કરવાનોજ પ્રયત્ન કરેછે.

૪૯. જગતના સર્વ ધર્મમતોમાં થોડે ઘણે અંશે વહેમ અથવા અંધશ્રદ્ધાની છાપતો અવશ્ય પડેલીજ હોય છે.

૫૦. જ્યાં સુધી પ્રશ્ન કરનાર અને પ્રશ્નનો વિષય એ ઉભય ભિન્ન રહેશે, ત્યાં સુધી માયાનું બંધન અવશ્ય રહેશેજ ! અને દ્દશ્યથી આગળ જવું અશકયજ થઇ પડશે. ખાસ અભ્યાસ કરવાથીજ આ ઉદ્દેશ પારપડે તેમ છે, અને એક વખત આ ઉદ્દેશ પાર પડયો, એટલે પછી પ્રશ્ન અને ઉત્તરનું અસ્તિત્વ રહેતુંજ નથી.

૫૧. આ જગતમાં દરેક વસ્તુની ગતિ નિયમસર હોય છે.

૫૨. ઇશ્વરને ઘેર કોઇની વગ ચાલતીજ નથી, અને વૈભવ, લક્ષ્મી, એક જગાએ કદિ બેસી રહેતાં નથી.

૫૩. ધ્યાનમાં રાખજો કે શ્રુતિ અને સ્મૃતિના કાયદા તમારે માટે છે; તમે તેમના માટે નથી.

૫૪. જુના રીતરિવાજો અને વંશપરંપરાના સંસ્કારોનેજ અયોગ્ય મહત્વ આપી મનુષ્યજાતિથી હીન બનતા નહિ.

૫૫. અત્યારની સ્થિતિમાં રહેવા લાયક જો તમારી જાતને તમે નહિં બનાવો તો જરૂર તમે નામશેષ થશો! આ નવું જ્ઞાન મેળવીને તેને જો તમારૂં પોતાનું કરવું ન હોય તો તમારા બાપદાદાઓની પાસે પિતૃલોકમાં જઈને રહો! ફોગટ અહીંયાં રહીને સમય શઃ માટે ખુવો છો?

૫૬. બહારની વસ્તુઓ ગ્રહણ કરીને, તેમને પચાવીને પોતાની ઉન્નતિ કરવી જોઇએ.

૫૭. જે લોકો પોતાના દેશનું હિત તેજ પોતાનું હિત છે, એમ માનતા નથી; પોતાનો આત્મા દેશના આત્માથી ભિન્ન છે, એમ સમજે છે; તે સ્વાર્થી લોકોના હાથમાં રોગ અથવા સોજા સિવાય કાંઈ આવતું નથી.

૫૮. ધર્મનો એવો અર્થ છે કે સ્વાર્થ અને દેહભાવનો અહંકાર નષ્ટ કરવો જોઇએ.

૫૯. ખરા જ્ઞાનની કસોટી જેવા પ્રકારનું જ્ઞાન અંદરથી બહાર કહાડી શકાય તે ઉપરથી થાય છે; કેવું જ્ઞાન મગજમાં ઘુસાડયું છે, તે પરથી થતી નથી.

૬૦. છોકરાંઓને ધમકાવવાં એ પશુવૃત્તિથી કામ કરાવ્યા બરાબર છે, અને તેથી જે તત્વથી મનુષ્ય શ્રેષ્ઠ ગણાય છે તે તત્વનો

–બુદ્ધિનો અનાદર થાય છે. સખ્તાઇ કરવી, ગુસ્સે થવું એ છોકરાંઓના અંતરાત્માનો અનાદર કર્યા બરોબર છે.

૬૧. જેનાથી જ્ઞાનની અભિરૂચી ઉત્પન્ન ન થાય તે શિક્ષણ શાનું?

૬૨. ખુદ શ્રીરામચંદ્રજી સરખા ઈશ્વરી અવતારે સમુદ્ર ઓળંગીને આપણે માટે પરદેશગમનનો માર્ગ ખુલ્લો કરી આપ્યો છે.

૬૩. મુશ્કેલી ભરેલાં કાર્યથી જે મનુષ્યનું મન ડગી જાય છે, તે મનુષ્ય છતાં ઝાડથી પણ હલકો છે.

૬૪. પોતાનું પાંડિત્ય બતાવવાને મોટાં મોટાં શાસ્ત્રવચનો મોઢે કરવાં, ધર્મ ગ્રંથોનાં વચનોના ગમે તેવા અર્થ કરવા માટે શુષ્ક શબ્દચ્છલ કરવો અને આખા જન્મમાં કદિપણ ઉપયોગમાં ન આવે એવા વિષયોનો અભ્યાસ કરવો, એ શિક્ષણજ નથી! જે જ્ઞાન વ્યવહારમાં આણી ન શકાય, તે મગજમાં ભરવું એ આધ્યાત્મિક બંધકોશ અથવા માનસિક અગ્નીમંદતા જાણી જોઇને ગ્રહણ કરવા જેવું છે.

૬૫. જેવી જાતનું અન્ન તમે ખાશો તેવા તમારા આચાર વિચાર થશે.

૬૬. દેવપ્રીત્યર્થે ખરો યજ્ઞ કરવો, એટલે આપણી દરેક મનુષ્યની ઇંદ્રિયશક્તિઓ તે તે સમષ્ટિરૂપ ઇંદ્રિયદેવતાને અર્પણ કરવી એ છે. દેશમાંના સર્વ હાથના હિત માટે કામ કરવું એજ ઇંદ્રને બલિદાન આપ્યા બરોબર છે. આદિત્યને બળિદાન આપવું, એટલે સર્વ નેત્રોમાં ઇશ્વરનું અસ્તિત્વ જાણવું, સર્વ નેત્રોને માન આપવું. બૃહસ્પતિને બળીદાન આપવું, એટલે દેશનાં સર્વ મગજોને આપાણું મગજ એટલે બુદ્ધિ, વિચાર અર્પણ કરવાં, અથવા આપણા દેશ બાંધવોના હિત

સંબંધને ખાતર પોતાના હિતસંબંધને લીન કરીને–મેળવીને તેમના ઉદયથી આનંદ પામીને, તેઓ અને આપણે ભિન્ન નથી એવા વિચારોથી દેશહિત સાધવું.

૬૭. આપણા ગેરવર્તનથી કોઈની દૃષ્ટિને કષ્ટ થવા ન દેવું, આપણી તરફ જોનારા સર્વને પ્રેમયુક્ત સ્મિતપૂર્વક આશીર્વાદ આપવો, અને આપણાં નેત્ર વિશ્વનાં ચક્ષુને એટલી અનન્ય ભક્તિથી અર્પણ કરવાં કે આપણો અહંકાર નાશ થવાથી વિશ્વના ચક્ષુરૂપ પરમાત્મા આપણા નેત્રોમાં સદા પ્રકાશતો રહે.

૬૮. દેશહિતના કામમાં પોતાના પ્રાણ અર્પવાને પણ સજ્જ એવા પારમાર્થિક વીર બનો! ક્ષુદ્ર અહંપણું ફેંકી દઈને દેશ સાથે તાદાત્મ્ય પામ્યા પછી તમારા મનમાં ગમે તે વિચાર આવશે, તે સર્વ દેશનોજ બનશે. તમે આગળ ચાલો! આખો દેશ તમારી પછવાડે આવશે.

૬૯. મનુષ્યને શુદ્ધ કરનાર ઉદાર શિક્ષણ, યથાર્થ જ્ઞાન, સપ્રયોગ પરીક્ષા અથવા શાસ્ત્રીય વિચારના પદ્ધતિસર અભ્યાસ વિના ખોટા વહેમો નાશ પામશે નહિં.

૭૦. આધુનિક શાસ્ત્રીય શોધોનાં ઉત્તમ અને લાભકારક પરિણામો જેની સમજમાં આવ્યાં નથી એવા કોઇપણ ધર્મગુરૂને મૂર્ખ ભક્તો ઉપર આજીવીકા ચલાવવાનો હક નથી.

૭૧. પોતાની મૂળ સ્થિતિ કાયમ રાખીને યોગ્ય ફેરફાર કરવો એજ જીવનનો પરમ ઉદ્દેશ છે.

૭૨. ધારાઓ અને સંસ્થાઓ મનુષ્યોને માટે છે, મનુષ્યો ધારા અથવા સંસ્થાને માટે જન્મ ધરાવતા નથી.

૭૩. મસ્તકમાં માત્ર માન્યતા–શ્રદ્ધા ભરવાથી બુદ્ધિનું ખુન કરવાનું પાપ આપણને ચોંટશે.

૭૪. જે માત્ર બાહ્ય દેખાતાં સ્વરૂપોને માટે સત્યનો ભોગ આપે છે તેને ધિક્કાર છે.

૭૫. દાનની કિંમત હૃદયના હેતુથી ઠરાવવાની નથી, પણ તેના પરિણામથી ઠરાવવાની છે.

૭૬. આપણી સમક્ષ મૂખ્ય પ્રશ્ન એ છે કે, આપણે દાન કિંવા અનાથ માણસોની સેવા અને રક્ષણ કરવું જોઇએ.

૭૭. સર્વ દાનોમાં વિદ્યાદાન શ્રેષ્ઠ છે. કોઈ માણસને તમે એક દિવસ જમાડશો તોપણ બીજે દિવસે તો અવશ્ય તેને ભૂખ લાગશેજ, પરન્તુ જો તમે તેને એકાદ હુન્નર શીખવશો તો તેની આખી જીંદગીનો ખોરાક પૂરો પાડવાનું પુણ્ય તમને પ્રાપ્ત થશે.

૭૮. હિંદુસ્થાનના દરેક માણસના હૃદયમાં એવી ભાવના ઉત્પન્ન થવી જોઇએ કે સંપત્તિ, જ્ઞાન, સત્તા અથવા યોગ્યતા ઇત્યાદિ બાબતોમાં આપણાથી જે લોકો ઉતરતી પંક્તિના હોય તેઓ આપણી મદદને યોગ્ય આપણાં બાળકોજ છે.

૭૯. સમાજની ગમે તેવી પૂર્ણાવસ્થા મનુષ્યને અપૂર્ણજ ભાસે છે, કારણકે આધુનિક અપૂર્ણ દશાએ પહોંચેલો મનુષ્ય સમાજથી પણ આગળ વધવાના સ્વભાવવાળો હોય છે.

૮૦. 'અગાઝીઝ' કહે છે કે "સૃષ્ટિનું નિરીક્ષણ કરવું તે શું ઈશ્વરના વિચારોનો પુનઃ વિચાર કરવા સમાન નથી"?

૮૧. તમારૂં મુખ્ય કર્તવ્ય તમારા ભવિષ્યના જીવન સંબંધે છે. તમે એવી રીતે વર્તો કે જેથી તમારૂં આદર્શમય જીવન ભવિષ્યમાં તમે જેવું બનાવવા માગતા હો તેવું જીવન-શકય અને સુલભ થાય; એવી રીતે વર્તો કે જેથી આજથી પચાસ વર્ષે પણ તમારી આજની વર્તણુક સંબંધે તમને લજ્જા ઉત્પન્ન થાય નહિં. એવી રીતે વર્તો કે તમારાં વંશજો ને તમારો સર્વથા નાશ થએલો જણાય નહિં.

૮૨. જે દોષથી માણસો અને દેશો દેવાળીઆ બને છે, તે દોષ એજ છે, કે માણસો પોતાનો મુખ્ય ઉદ્દિષ્ટ માર્ગ છોડીને આડમાર્ગનાં ક્ષુલ્લક કાર્યો કરવા દોડે છે. નિશ્ચયી માણસ ક્ષુલ્લક કાર્યો કરવામાં પોતાનો વખત ગાળતો નથી.

૮૩. આપણા આડોશી પાડોશીઓને પણ આપણાં સ્વરૂપો ગણીને આપણા વ્યક્તિત્વનું સર્વાત્મા સાથે ઐક્ય કરવું, અને આપણી ઇચ્છાને ઈશ્વરની ઇચ્છામાં લીન કરી દેવી. કોઇની દૃષ્ટિને ક્ષોભ થાય એવી ખરાબ વર્તણુંક કદિ પણ ચલાવવી નહિ, તથા આપણા તરફ દૃષ્ટિપાત કરનાર સઘળા લોકોને પ્રેમ, સ્મિત અને શુભાશીષનોજ અનુભવ કરાવવો. સર્વ નેત્રોમાં ઈશ્વરને જોવો.

૮૪. ઇંદ્રને બલિ આપવાનો અર્થ એ થાય છે, કે રોજગારની શોધમાં ફરતા લાખો રંક હાથોને ધંધો રોજગાર શોધી આપવો.

૮૫. સર્વેનું હિત સાધવા માટે સર્વે હાથોએ સાથે મળી કામ કરવું, એ ઇંદ્રને માટે કરેલો યજ્ઞ છે. વિશ્વહિત સાધવા માટે સર્વે મસ્તકે સાથે મળી કામ કરવું, એ બૃહસ્પતિનો યજ્ઞ છે. સર્વેના હિત માટે સર્વે અંતઃકરણોની એકતા થવી એ હૃદય દેવતા ચંદ્રનો યજ્ઞ છે.

૮૬. તમારા નસીબના સ્વામી તમે પોતે છો. તમારે જોઇએ તો નરકની અંદર અથડાતા તેમના નીચ ગુલામો રહો, અને જોઇએ તો જન્મસિદ્ધ અને વૈભવશાળી મુકુટ ધારણ કરો. તમારે ફાવે તે કરો તમારી યોગ્યતા પ્રમાણે પસંદગી કરો.

૮૭. ખરી લાગણી ઉત્પન્ન કરો, એટલે હિંદુસ્થાન પુનઃ મહાન થશે.

૮૮. સર્વ ચૈતન્યના ઉત્પત્તિ સ્થાન શાશ્વત ઝરારૂપી આત્માની જેટલે નજીક આપણે હઇશું તેટલા અધિક મિત્રો આપણને મળશે.

૮૯. રાષ્ટ્રિય વાઙ્મય (સાહિત્ય) ઉત્પન્ન કરવું, વધારવું અને તેનો પ્રચાર કરવો તથા સાંપ્રત બોલાતી સર્વ દેશી ભાષાઓમાં એકતા લાવવી એ રાષ્ટ્રૈક્ય (દેશની પ્રજામાં સંપ) સાધવાનો બીજો ઉપાય છે. સર્વ ધર્મના લોકો આવીને વાંચન, ચિંતન તથા મૌનયુક્ત પ્રાર્થના કરે અને સહાનુભૂતિ, માયા તથા પ્રેમથી ભરેલી દૃષ્ટિનો સંયોગ કરે, એવાં પ્રીતિ મંદિરો ભિન્ન ભિન્ન સ્થળે સ્થાપવાં જોઇએ.

૯૦. હવનને માટે કૃત્રિમ અગ્નિ સળગાવવા કરતાં સાત્વિક તરૂણોએ પોતાના અહંકાર (અહંભાવ)ની આહુતી આ-

પવા માટે પ્રભાતનાં અથવા સૂર્યકિરણોના તેજનો હોમાગ્નિ તરીકે ઉપયોગ કરવો જોઇએ.

૯૧. સ્ત્રી, બાળકો અને મજુર વર્ગની કેળવણી પ્રત્યે બેદરકારી રાખવી એ, જે શાખાપર આપણો આધાર હોય તેજ શાખાને કાપી નાખવા સમાન છે; એટલુંજ નહિં પણ ખુદ પ્રજારૂપી વૃક્ષના મુળમાં પણ ઘા કરવા બરાબર છે.

૯૨. જો તમારા આત્માને ઓળખવાને તમે તૈયાર ન હો, જો તમને શ્રુતિનું અભિમાન ન હોય અને આ સખત તાપથી બળતા ખરા ઉન્હાળામાં પણ જો તમે શિયાળાને માટે કરાવેલાં કપડાં વાપરવાનો આગ્રહ ધરતા હો તો તમને તમારા પૂર્વજોના કસમ છે કે તમારી સાંપ્રત સ્થિતિ કેવી છે તે મહેરબાની કરીને લક્ષમાં આણો.

૯૩. જે પ્રમાણે યુરોપિઅનો તથા અમેરિકનો તમારી બ્રહ્મ વિદ્યાને પોતાની કરી રહ્યા છે, તે પ્રમાણે તમારે તેમના ભૌતિક શાસ્ત્રને તમારૂં પોતાનું કરવું જોઇએ.

૯૪. સૃષ્ટિ અને ઇશ્વરનાં બાળકો! સઘળા દેશોપર તમારો એક સરખોજ હક છે, સઘળી મનુષ્ય જાત તમારાં ભાઈ બ્હેન છે. હિંદી પ્રજાને ગળે લાખો ભિખારીઓનો જે બોજો લટકાવેલો છે તેમાં વધુ ભાર કરવાને બદલે સમાજના ઉપયુક્ત ઉદ્યોગી માણુસ બનીને જ્યાં જીવનનો ઉત્તમ રીતે નિર્વાહ થઇ શકે ત્યાં ખુશીથી જાઓ.

૯૫. જો તમારે હિંદમાતાની દુઃખીત છાતીપર નિરૂદ્યોગી જળો થઈનેજ રહેવાનું હોય તો એકદમ અરબી સમુદ્રમાં ભૂસ્કો મારજો અને સમુદ્રનું આતિથ્ય સ્વીકારજો. સ્વદેશાભિમાન અને સ્વદેશપ્રીતિ તમને આ પ્રમાણેજ કરવાની આજ્ઞા કરેછે.

૯૬. પોતાની જાતને અન્યાય તથા અઘોર પાતકને તાબે કરી દેવાનો તમને શું અધિકાર છે?

૯૭. ત્યાગ એટલે પોતાનું સર્વસ્વ (સત્ય સ્વરૂપને) સત્યને અર્પણ કરવું તે.

૯૮. ઈશ્વરની સોંપેલી પવિત્ર મુડીમાં અન્યાય તથા પાપને હાથ ઘાલવા દેશો નહિં.

૯૯. આપણો આત્મા તે સર્વનો આત્મા છે. એવું જ્ઞાન થયા વગર તમને શાંતિ મળનાર નથી.

૧૦૦. આત્મજ્ઞાન વિના કાર્ય કરનાર મનુષ્યની સ્થિતિ અંધારી કોટડીમાંના મનુષ્યના જેવી છે.

૧૦૧. સ્વાત્મનિષ્ઠ મનુષ્યને આખા જગતે એક બાજુ થઇને માર્ગ આપવોજ જોઇએ. જગતના પ્રભુ તમે થાવો, નહિંતો જગત તમારાપરજ પોતાનું પ્રભુત્વ જમાવી દેશે.

૧૦૨. હિંદુસ્થાનમાંની અસંખ્ય શક્તિઓ પરસ્પર વિરૂદ્ધ હોવાથી તેમાંથી કાંઈ પ્રગટકાળ ઉત્પન્ન થતો નથી. કેવી શોચનીય સ્થિતિ! દરેક જણ પોતાના દેશ બંધુના દોષ તરફજ પોતાનું લક્ષ દોરે છે, તેથી ઐકયતો સંભવેજ શાનું?

૧૦૩. પવિત્રતાના અથવા અપવિત્રતાના નામ નીચે ઇશ્વરના છુપી પોલીસ ખાતાના સ્વયંસેવક સભાસદ બની, દેશકાર્ય કરનાર સદ્‍ગૃહસ્થના ખાનગી વર્તનપર તપાસ રાખવાનો આપણને શો હક છે? પોતાના ખાનગી વર્તનનો સવાલ તેની અને ઇશ્વરની વચ્ચેનો સવાલ છે; તેની વચ્ચે આપણે માથું મારવાની શી જરૂર છે?

૧૦૪. બીજાના વર્તનમાંથી દોષો કાઢવામાં આપણી શક્તિનો જેટલો વ્યર્થ વ્યય કરીએ છીએ, તેટલીજ શક્તિ આપણું વર્તન ઉચ્ચ બનાવવાને પુરતી થાય તેમ છે.

૧૦૫. વ્યક્તિ તરફ ન જોતાં ઉપદેશના ગુણાગુણ ઉપરથીજ તેનો સ્વિકાર કરવો જોઈએ.

૧૦૬. દીન અને પતિત લોકોને ખરી લાગણીથી અને માતાના જેવા પ્રેમથી જે જુએ છે, તેજ ખરો મહાત્મા છે.

૧૦૭. સર્વ આત્માઓનું ઐક્ય વિસરવાથીજ સર્વ અનર્થ થાયછે.

૧૦૮. પતિતોનો ઉદ્ધાર કરનાર તમે કોણ? તમારો ઉદ્ધારજ પ્રથમ તમે કર્યો છે, કે જીવન સાફલ્ય કરવાને માટે જીવનને તિલાંજલી આપવાને તમે તૈયાર છો? તેટલી શક્તિ અને હિંમત તમારામાં છે? બોલો, તેટલી હિંમત હોય તો ઉઠો અને ગરીબોના ઉદ્ધારક બનો.

૧૦૯. જ્યાં સુધી આપણે એક બીજાના દોષજ શોધ્યા કરીશું, ત્યાં સુધી દેશમાં પ્રેમ અને ઐક્યતાની વૃદ્ધિ કદિ પણ થશે નહિં.

૧૧૦. ટીકા કરવાથી માણુસો સુધરી શકવાનાં નથી. ઉત્સાહ વધારનારા આશાજનક સ્નેહ ભરેલા ઉપદેશનીજ જરૂરછે.

૧૧૧. દરેક જાતનો જુલમ હૃદયમાંથીજ જન્મ પામે છે.

૧૧૨. જેવી રીતે સૂર્ય એક સાક્ષી તરીકે થુવર અથવા ચંદનવૃક્ષ, ઉકરડો કે ઉદ્યાન, નર કે નારી, પશુ કે પક્ષી અથવા જીવજંતુ, કીડી, મંકોડી અને વાંદરાંને સમાનતાથી જોઇ શકે છે; તેવી રીતે આપણે પણ સઘળી વસ્તુઓને નિર્દોષ અને સમાન દૃષ્ટિથી જોવી જોઇએ.

૧૧૩. નિરાપરાધિ પશુઓનું બળીદાન આપવાથી નહિં, પણ પ્રેમદેવીની આગળ પક્ષાભિમાન, જાતિઅભિમાન, મત્સર, ઇર્ષ્યા વગેરેનો ભોગ આપવાથીજ આ ભૂમિમાં સ્વર્ગ આવી રહેશે.

૧૧૪. જ્યારે આપણે આપણા વર્તનને પ્રેમમય બનાવી દઇએ છીએ ત્યારે સઘળું નુકશાન ખરો નફો બની જાય છે.

૧૧૫. જે પુરૂષ લોકનાયક થવાને લાયક હોય છે તે કદિપણ મારા સોબતીઓ મુર્ખ છે, મારા અનુયાયીઓ બેઇમાન છે, લોકો કૃતઘ્ની છે, સમાજમાં કિંમત કરવાની શક્તિ નથી; એવા બડબડાટો કરતો નથી.

૧૧૬. જ્યારે કોઇ વસ્તુ બહારથી ખરાબ દેખાય ત્યારે તેમના પ્રેમના કાયદાને અનુસરતું આપણું વર્તન બનાવવાને બદલે પરિસ્થિતિની સાથે છિદ્ર શોધવાં એ ટેલીફોનદ્વારા ખરાબ ખબર સાંભળીને તે યંત્રને ભાગી નાખવા બરાબર છે.

૧૧૭. પ્રથમ અંતઃકરણને જીતો, પછી ન્યાય બુદ્ધિને જાગૃત કરો. જ્યાં સુધી બુદ્ધિનો પરાજય થાય છે ત્યાં સુધી પણ પ્રેમ વિજયી નીવડે છે.

૧૧૮. અંતઃકરણ પ્રેરણાના મંદિરમાં પ્રવેશ કરવાનું દ્વાર છે, અને મસ્તક એ બહાર નીકળવાનું દ્વાર છે.

૧૧૯. સ્વાનુભવ કરતાં વધારે યોગ્ય બીજો કોઈ ગુરૂ નથી.

૧૨૦. સ્વાનુભવ પ્રમાણે વર્તનાર મનુષ્ય સિવાય બીજું કોઇ શુદ્ધ અંતઃકરણ ધરાવી શકતું નથી.

૧૨૧. જે માણસના આનંદનો આધાર રમણીય દેખાવ, સુંદર બગીચા, અનુકુળ મિત્રમંડળ, મધુર વચનો ઇત્યાદિ બાહ્ય વસ્તુઓ પર છે, તે માણસને ખરેખર અભાગીજ સમજવો જોઇએ.

૧૨૨. ખરો મુક્ત મનુષ્ય તો તેજ છે કે જેનો અંતઃપ્રકાશ તેની આસપાસની સઘળી વસ્તુઓ ઉપર સૌંર્યપ્રકાશ નાખે અને જેના અંતઃકરણમાંથી કેવળ દિવ્ય પ્રેમનાં કિરણો નીકળ્યા કરે.

૧૨૩. મૂકત લોકોની પ્રેમશકિતથી જંગલી પશુઓનો પણ ઉદ્ધાર થઇને, તેમનામાં પ્રેમ ઝરણો ફુટે છે.

૧૨૪. દેહાત્મભાવ, ઇંદ્રિયાશકિત વગેરેના ક્ષુદ્ર વિચારોથી આત્માને દુષિત ન થવા દેવો એજ ખરી પવિત્રતા છે.

૧૨૫. તમારા પોતાના વિષે વિચારો કરવાનું તદન છોડી ના દો ત્યાં સુધી તમને સુખ મળી શકશે નહિ.

૧૨૬. માણસની—એકજ માણસની ઈચ્છા આગળ ઇતિહાસ ધ્રુજી ઉઠે છે.

૧૨૭. તમારી જાત સાથે પ્રમાણિકપણે વર્તો એટલે તમે કોઇની સાથે અપ્રમાણિકતા કરી શકશો નહિ.

૧૨૮. હું પાપી છું, હું પતિત છું એવા શબ્દો બોલીને તમે ઈશ્વરને મૂર્ખ બનાવી શકશો નહિં, અને તેનો પ્રેમ પણ જીતી શકશો નહિં, જેવા તમે વિચાર કરોછો તેવાજ તમે થશો. જેવી તમારી મતી છે તેવીજ તમારી ગતિ થશે. જ્યારે તમે પાપી અને પતિત તરીકે પ્રાર્થના કરોછો, ત્યારે તે તમને 'પાપી અને પતિત'જ બનાવી મૂકશે, એ કાંઇ ભક્તિ નથી.

૧૨૯. મ્હારા ગરીબ શ્રીમંત બંધુઓ! ઉંચા સંગેમરમરનાં મંદિરો, અને તમે બનાવેલા પત્થરના વિષ્ણુઓ તમારા અંતઃકરણની અશાંતિ દૂર કરી શકશે નહિં. તમે દુઃખી છો, એ હું જાણું છું, તમારો ગર્વ તે વાત તમને કબુલ કરવા દેતો નથી. દેશના ભૂખ્યા નારાયણો અને મ્હેનતુ વિષ્ણુઓની પૂજા કરો.

૧૩૦. રૂદન, યાચના આદિ દીનવૃત્તિમાં ભક્તિ સમાએલી નથી. ભક્તિ એ એક પ્રકારની અનિર્વચનીય સમાનતા, અપ્રતિમ લાવણ્ય અને તિવ્ર વૈરાગ્ય છે. જે જે વસ્તુઓ જોઇએ તેમાં આપણા આત્માનુંજ દર્શન થાય, એનુ નામ ભક્તિ છે. સર્વ દશ્ય પદાર્થોમાં સરવેશ્વરને જોવો એનું નામ

ભકિત છે. સર્વત્ર સૌંદર્યનો અનુભવ કરવો અને હું પોતે પણ સૌંદર્ય છું એવો નિશ્ચય કરવો એનું નામ ભક્તિ છે. "तत्वमसि" તે તુંજ છે એનુંજ નામ ભકિત છે.

૧૩૧. કોઈ પણ માણુસને કાંઇ અધિકાર હોય, તો તે માત્ર સેવા કરવાનોજ છે.

૧૩૨. ઇશ્વર પોતાનું દેવું અદા કરવાનું કદિ ભુલી જતો નથી. તમારૂં કોઇપણુ નિઃસ્વાર્થી કર્મ ઇશ્વરને દેણુદાર બનાવે છે.

૧૩૩. રાષ્ટ્રિયત્વની જુસ્સાદાર લાગણી ફેલાવવામાં હિંદ માતાના દરેક પુત્રે પ્રયત્ન કરીને મદદ કરવી જોઈએ. દરેક ભારત પુત્રમાં હિંદ માતા વસે છે, એમ જાણીને દરેકે તેની સેવામાં તત્પર થવું જોઇએ.

૧૩૪. હિંદુસ્થાનમાં દરેક ગામ, શહેર, નદી, પશુ, પક્ષી અને આખા હિંદને દેવતા માનીને તેની પૂજા કરવામાં આવે છે. હિંદમાતાના આ અનેક અંશાવતારના પુજનથી સ્ફુર્તિ થવાનો અને અખીલ હિંદમાતાને દેવતા માનીને તેની પૂજા કરવાનો સમય શું હજી આવ્યો નથી ? આપણે હિંદુ લોકો દુર્ગાની પત્થરની પ્રતિમામાં પણુ પ્રાણુ પ્રતિષ્ઠા કરી ચૈતન્ય ઉત્પન્ન કરી શકીએ છીએ તો શું શાક્ષાત દુર્ગાની પ્રતિમારૂપી હિંદમાતામાં તેજ અને પ્રાણુ આણુવાં ન જોઇએ ?

૧૩૫. રાષ્ટ્રિય બંધુભાવ આગળ તિવ્ર જાતિભેદને ગૌણુ માનો, એમ તમને રાષ્ટ્રિય ધર્મ સમજાવે છે.

૧૩૬. હિંદુસ્થાનમાં આપણે તમોગુણ વિરૂદ્ધ એટલું બધું ધુમરાણ મચાવી મૂક્યું છે, કે તેનો પ્રતિકાર કરવાથીજ આપણે તેની આપણામાં અતિશય વૃદ્ધિ કરી મૂકી છે.

૧૩૭. દોષ શોધવાની દૃષ્ટિ દૂર કરીને ગુણ ગ્રાહકતા વધારવી, બંધુભાવ, કાર્ય કરવાની વૃત્તિ, સંપસંપીને કરવાની ટેવ અને મ્હેનત ભરેલાં કાર્યો કરવાને માટે હિંદુઓને જાગૃત કરવા એ હાલ ઘણું આવશ્યક છે.

૧૩૮. રાષ્ટ્રહિત સાધવાને બનતો પ્રયત્ન કરવો, એ વિશ્વની શક્તિઓ અથવા દેવતાઓની પૂજા કર્યા બરાબર છે. હિંદ દેવતાને માટે આવો યજ્ઞ દરેક જણે કરવો જોઇએ.

૧૩૯. ઇશ્વર પ્રાપ્તિ કરવી હોય તો સંન્યાસવૃત્તિ ધારણ કરો, એટલે કે સ્વાર્થનો પૂર્ણ ત્યાગ કરીને તમારૂં ક્ષુદ્ર વ્યક્તિત્વ હિંદ માતાના વિરાટ સ્વરૂપમાં મેળવી દો. આનંદ અથવા ઈશ્વર મેળવવા હોય તો રાષ્ટ્રોન્નતિના વિચારોમાં પોતાની સર્વ વૃત્તિઓનો ભોગ આપનાર બ્રાહ્મણ સ્વભાવ ધારણ કરો. આનંદ પ્રાપ્તિ કરવી હોય તો દરેક ક્ષણે દેશને માટે પોતાથી બનતું કરવાની વૃત્તિ રાખવીજ જોઇએ.

૧૪૦. શત્રુતા રાખવાથી અને વૈર લેવાથી આપણું કલ્યાણ થશે નહિં, પણ આપણું કર્તવ્ય બજાવવાથી—પ્રેમ રાખવાથીજ કલ્યાણ થશે.

૧૪૧. જે પ્રમાણમાં મનુષ્યને જરૂરીઆત ઓછી, તે પ્રમાણમાં તેને વધારે શ્રીમંત સમજવો.

૧૪૨. સર્વ દુઃખો, આફતો, ચિંતા અને વિપત્તિઓ માત્ર સ્વાર્થ બુદ્ધિમાંથીજ ઉત્પન્ન થાય છે.

૧૪૩. આપણાં સઘળાં દુઃખો આપણા સઘળા સંતાપો, પ્રેમરૂપ પ્રિયાએ પોતાને આલિંગન દેવાને, આપણને જાગૃત કરવાને માટે કરેલાં અડપલાંજ છે.

૧૪૪. દરેક વસ્તુની તેના નામ ઉપરથી નહિં પણ ગુણદોષ ઉપરથી પરિક્ષા કરતાં શીખો.

૧૪૫. સર ફ્રાન્સિસ બેકન એ કંઈ એટલો બધો નીતિવાન નહોતો, તેમ વિશેષ સદાચરણી પણ નહોતો, તોપણ તે આખા જગતને (Novum organon) તર્કશાસ્ત્રનો એક અમૂલ્ય ઉત્કૃષ્ટ ગ્રંથ આપી શકયો છે.

૧૪૬. સ્વતંત્રતાપૂર્વક તમારી પોતાની દૃષ્ટિથી દરેક બાબત જોતાં શીખો; બીજાના પ્રયત્નપર આધાર રાખનારી બુદ્ધિને છોડીદો.

૧૪૭. સતત કર્મ–પુરૂષાર્થ અદૃશ્ય રીતે તમને ઉચ્ચ પગથીએ ઉપર અને ઉપર લઈ જાય છે.

૧૪૮. મનુષ્ય ક્ષુદ્ર અહંકારને તજી જેમ જેમ આગળ જાય તેમ તેમ તે વધારે સારૂં કામ કરી શકે છે.

૧૪૯. જ્યારે અહંકારરૂપી કર્તાનો બલિ આપવામાં આવે છે ત્યારેજ કર્મ ખરી સિદ્ધિએ પહોંચે છે.

૧૫૦. કામમાં છેક તલ્લીન થઈ જઈને 'હું કામ કરૂં છું' એ જ્યારે તમે વિસરી જાઓ છો, ત્યારેજ તમારાથી ઉત્તમ કાર્ય થયેલાં જગતની દૃષ્ટિએ પડે છે.

૧૫૧. જેટલે અંશે તમે તમારો માયિક આત્મા (અહંકાર) છોડી દેશો, જેટલે અંશે 'સર્વ હક્ક સ્વાધીન' રાખવાનું અ માલકી સિદ્ધ કરવાનું કાર્ય છોડતા જશો, તેટલે અંશે તમારૂં કાર્ય અવશ્ય દીપી નીકળશે.

૧૫૨. તમારે કર્મ સફળ કરવું હોયતો તેના પરિણામ તરફ ધ્યાન આપશો નહિં, ફળની આશા રાખશો નહિં.

૧૫૩. આપણા સ્વાર્થ મુલક ખળભળાટથીજ આપણું સર્વ કાર્ય બગડે છે.

૧૫૪. તમારૂં કર્મ કર્મને માટેજ હોવું જોઇએ.

૧૫૫. તમારે કર્મથી નહિં પણ તેના પરિણામ વિષેના અશાંતી યુક્ત વિચારોથી મુક્ત થવું જોઇએ.

૧૫૬. ખરાં કર્મ કર્યા પછી થતો આનંદ મોક્ષની એક ચીનગારી અથવા અજ્ઞાત આત્મસાક્ષાત્કારજ છે.

૧૫૭. લોકો તરફથી કશાનીએ અપેક્ષા રાખશો નહિં, અને તમારાં કર્મોની અનુકુળ કિંવા પ્રતિકુળ ટીકાઓથી ગભરાશો નહિં.

૧૫૮. આનંદ, કર્મનું ઉત્તમ અને નિશ્ચીત ફળ છે.

૧૫૯. બાહ્ય વિષયોની લાલસાઓ આપણી કૃતૃત્વ શકિતને પોષક થવાને બદલે તેનો હ્રાસ કરનારીજ નિવડે છે.

૧૬૦. ખરી લાગણીથી કરેલાં કામથી થતા આનંદ કરતાં ગમે તેવું ઈનામ કે પ્રશંસા વધારે હિતકારક હોઇ શકતાં નથી.

૧૬૧. કર્મોનાં ફળ મળવા બાબતમાં અપાતાં છોકરવાદી વચનો માટે કર્મ કરશો નહિં.

૧૬૨. ચાલો આગળ વધો ! કે જેથી દેહનું મિથ્યાત્વ અને આત્માનું સત્યત્વ સમજાય.

૧૬૩. તમારા વ્યકિતત્વ અને અહંકારને કર્મરૂપી ક્રોસ ઉપર ચઢાવશો ત્યારે વિજય તમને પોતાની મેળેજ શોધતો આવશે.

૧૬૪. કોઈ પણ બીજ તેના રૂપ અને આકારનો નાશ થયા સિવાય ઉગી શકતું નથી.

૧૬૫. જો તમારે યશસ્વી અને પ્રતિભાશાળી બનવું હોય તો, તમારે તમારા અંતઃકરણમાંની સ્વાર્થી સ્વામીવૃત્તિ છોડી દેવી જોઈએ.

૧૬૬. વાસના કહે છે, કે જ્યારે જ્યારે તમે મને છોડી દેશો અને ગુમાવશો ત્યારેજ હું તમારી નજીકમાં જણાઇશ.

૧૬૭. વાસના છોડી દઈને જ્યારે તમે તમારા સત્ય સ્વરૂપમાં રહેશો ત્યારે તમારી સર્વ કામનાઓ પૂર્ણ થશે.

૧૬૮. જો તમે દુકાનદાર હો તો તમારા ઘરાકોનું હિત એજ તમારૂં હિત છે, એમ ગણી જ્યાં સુધી તમે એ પ્રમાણે વર્તી શકો નહિં, ત્યાં સુધી તમારા વ્યાપારમાં તમને લાભ–બરકત જણાશે નહિં, અને તમારો ધંધો ખરાબ થઇ જશે.

૧૬૯. જો તમે સદબુદ્ધિથી તમારૂં કાર્ય કર્યાં જશો તો પછી બાહ્ય મદદ માગવાની કે ચિંતા કરવાની તમને કાંઈ જરૂર નથી. મદદ તમને મળવીજ જોઇએ અને તેણે તમને શોધતાં આવવુંજ જોઇએ.

૧૭૦. બધી જાતના આધિવ્યાધિને પ્રવેશ કરવાનું સ્થાન ચિંતા છે.

૧૭૧. શંકા અને ભીતિથીજ તમે દુઃખદ સ્થિતિને તમારા પર ખેંચી લાવો છો.

૧૭૨. કોઈ પણ સંકટ, સંકટની બ્હીક કરતાં વધારે ભયપ્રદ હોતું નથી.

૧૭૩. તમારા મનમાં જો પ્રેમ હશે, તો બહાર પણ તે તમને મળશે. તમારા હૃદયમાં દ્વેષ રાખશો તો બહાર પણ દ્વેષજ પ્રાપ્ત થશે.

૧૭૪. તમારાં હૃદય મંદિરોમાં સત્ય દીપિકા સદૈવ બળતી રાખો, એટલે ભીતિ અથવા મોહનાં ભૂતો તમારી નજીક હિંમત કરી શકશેજ નહિં.

૧૭૫. બીક ને દીર્ઘદૃષ્ટિ મનુષ્યને પાકો નાસ્તિક બનાવી દે છે.

૧૭૬. આત્મવિશ્વાસ એજ આનંદ અને સુખનું મૂળ છે.

૧૭૭. પોતાની જાતને હિન, દુર્દૈવી, પતિત અને પાપી માની બેસશો નહિં, એમ વેદાંત તમને ચેતાવે છે. તમે અનંત છો—સર્વ શકિતમાન ઈશ્વર તમે છો.

૧૭૮. જો તમે પોતાને ગરીબ, તુચ્છ, કીટ અથવા જંતુ જેવા માનશો તો ખરેખર તેવાજ બનશો, પરંતુ જો તમે પોતાને માન આપી સ્વાવલંબી બનશો તો અશ્વર્ય તમને વિજયમાળ આરોપશે. જેવી તમારી ભાવનાઓ હશે તેવા તમે બનશો.

૧૭૯. તમે તમારી પોતાની જે કિંમત ઠરાવશો તેના કરતાં અધિક કિંમત કોઈ કરશે નહિં.

૧૮૦. જ્યાં સુધી તમે સ્થુલ, બાહ્યશક્તિ ઉપર આધાર રાખ્યા કરશો, ત્યાં સુધી અપયશ તમારા લલાટે લખેલોજ સમજવો.

૧૮૧. તમારા હૃદયમાંના પોતાના ઇશ્વરપર વિશ્વાસ રાખો, અને શરીરને કાર્ય કરવા માટે તત્પર રાખો એટલે સહજ વિજય મળશે.

૧૮૨. જ્યાં તમારા હાથ કામ કરે છે ત્યાં તમારૂં હૃદય પણ રાખો.

૧૮૩. માનવ જાતિનું હિત કરવાના વિચારોથી હંમેશાં અસ્વસ્થ રહેશો નહિં. તમારી ચિંતાઓની સદા અપેક્ષા કરે, એવું જગત શા માટે દરિદ્રી હોવું જોઇએ?

૧૮૪. ઇચ્છારહિત, નિષ્કામ કર્મ એ સર્વોત્તમ ત્યાગ અથવા ભક્તિનુંજ બીજું નામ છે.

૧૮૫. સુખ, એ કર્મરૂપી વસ્ત્ર તળે ઢંકાયેલું હોય છે, એમ સમજવાથી તમે સદા વિજયી નીવડશો.

૧૮૬. દેહાભિમાન એ નરકનો સૌથી નજીકનો રસ્તો છે.

૧૮૭. ઈશ્વરથી તમે વિમુખ નહિં થાઓ તો ઈશ્વર પણ તમારૂં સ્વાગત કરવાને બિલકુલ અચકાશે નહિં.

૧૮૮. મનુષ્યોની નિંદા અથવા સ્તુતિ તરફ બ્હેરા બનજો. તે સર્વ તમને આડે માર્ગે દોરનારી વસ્તુઓ છે.

૧૮૯. વિષયભોગોને ગર્જના કરીને કહો, કે ચંડાળો હઠો, નાસો તમારા હાથનું મને કાંઇ પણ ખપશે નહિં.

૧૯૦. જે વસ્તુઓ ધુમસ અને ઝાકળ પેઠે ઉડી જનારી છે, તેના પર શ્રદ્ધા રાખવાથીજ આત્મામાં અશાંતિ પેદા થાય છે.

૧૯૧. ક્ષુલ્લક બાબતોને માટે ભયંકર યાદવાસ્થળીઓ મચાવનાર આ જગતમાં વ્યર્થ ઉપાયો શા માટે શોધો છો?

૧૯૨. માનસિક અથવા આધ્યાત્મિક ઉન્નતિ એજ ખરી પ્રગતિ છે.

૧૯૩. જેનામાં ભક્તિયુક્ત ત્યાગ નથી તેને અનુભવી અને હુશિઆર જંગલી પ્રાણીજ કહેવો જોઇએ.

૧૯૪. સુધરેલા જગતનો ઝગઝગાટ, તેની કૃત્રિમતા, શિષ્ટાચાર, દ્રવ્ય, તૃષ્ણા આદિથી ભોળવાઇ ફસાઇ પડશો નહિં; કારણ કે એ સર્વ પોકળ ઠર્યાં છે.

૧૯૫. ઓ દુ:ખી પ્રાણીઓ! સંપતિ, જ્ઞાન, પદ્વીઓ, સત્તાના હક્ક અને માન બાજુએ મૂકો. સમતા, સમાનતા એજ સુખનું તત્વ છે.

૧૯૬. મમત્વની વૃત્તિનો ત્યાગ અને વેદાંતની ત્યાગ વૃત્તિનો સ્વિકાર કરવામાંજ વ્યક્તિનું અને રાષ્ટ્રનું કલ્યાણ સમાએલું છે.

૧૯૭. મિલ્કતના વિચાર, ગાંસડી, થેલીઓનો હક એજ આત્મસાક્ષાત્કારની આડે આવે છે.

૧૯૮. ખરો સંન્યાસી ભિક્ષા માગીને મેળવેલું અન્ન પણ જેને વધારે જરૂર હોય એવા એકાદ માણસને આપી દે છે.

૧૯૯. હિંદુસ્થાનમાં અસંખ્ય જાતિભેદદ્વારા સર્વ લોકોની આત્મઠગાઇને અહદ મળવાથી દુષ્પરિણામ અને અન્યાય વધ્યાં છે.

૨૦૦. તમારામાં સત્ય એટલું ભરાવું જોઇએ કે તેની આગળ વિત્ત અને વ્યક્તિનો આડંબર હવાની માફક ઉડી જાય.

૨૦૧. જ્યારે સત્યની સાથે તમારૂં પૂર્ણ તાદાત્મ્ય થશે ત્યારે મત્સરનાં બાણુ તમને વિંધી શકશે નહિં. સત્યને સંરક્ષણ અથવા સંરક્ષકની જરૂર નથી.

૨૦૨. જે માણસને હરેક સંયોગમાં ઉત્તમ રીતે સમાધાન કરતાં આવડે, તેને આ જગતમાં દિવસ કાઢવા મુશ્કેલ નથી.

૨૦૩. જે જીવતું રહેવાની કળા જાણે છે; તેજ ઋષિછે, વાસનામય ક્ષુદ્ર અહંકારનો ત્યાગ કરીને સર્વની સાથે જેનું ઐક્ય થયું છે એવા મનુષ્યની સામે સંકટો કેટલીવાર ટકે?

૨૦૪. ખરો સ્વાર્થ એજ ખરો પરમાર્થ છે.

૨૦૫. જેનું હૃદય ઉલ્લાસ અને પ્રેમમય થયું છે, અને જે પોતાના હૃદયમાં પ્રકટ થયેલું સત્ય સમાધાન બહારનાં પ્રમાણો અને અભિપ્રાયોનાં નામ નીચે દુષીત કરીને નહિં, પણ સ્પષ્ટ રીતે જાહેર કરે છે તેજ છેવટે વિજય મેળવેછે.

૨૦૬. ધર્મ, નીતિ અથવા બુદ્ધિનો નવો જુસ્સો હંમેશાં માતાના ઉદરમાંના બાળક જેટલોજ પવિત્ર છે. તે છુપાવી રાખવો એ પરમાત્માનો દ્રોહ કર્યા બરોબર છે.

૨૦૭. હે મનુષ્ય! આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવાનો નિશ્ચય કર, અને જે પોતાના સત્ય સ્વરૂપને ઓળખે છે, તે પોતાને ભૂલી જાય છે, એ તત્વને જાણ.

૨૦૮. તમારૂં ગુરૂત્વ મધ્યબિંદુ તમારી બહાર જવા દેશો નહિં.

શુદ્ધ પ્રેમ અને સ્વાર્થ ત્યાગ એ ચારિત્ર્યનાં પ્રધાન અંગ છે. 'પરોપકાર' એ તો કેવળ કવચિત કવચિત બહાર પ્રતિત થતી તેની છાયારૂપેજ છે.

૨૦૯. હે પૃથ્વીના મનુષ્ય! ત્હારી પાસે બળ, ધ્યેય અને વખત છે માટે આગળ અને આગળજ ચાલ્યો જા.

૨૧૦. જલદી દોડનારાઓજ સદા જીવનની સરત જીતી શકતા નથી. તેમ બળવાન સદા વિજયીજ નીવડે છે, એમ પણ નથી. પરંતુ જે સંપીને કામ કરી શકે છે, તેઓજ યશ મેળવે છે. "પ્રથમ સંપ અને પછી હરિફાઈ."

૨૧૧. સત્યવ્રતજ ફક્ત ખરૂં હિત છે.

૨૧૨. સત્યાચરણ એજ સત્કર્મ છે.

૨૧૩. ઇશ્વર જે બાબતો આપણને કરવા દેછે, તે ઉપરથી તેની ઇચ્છાઓ આપણે સમજી શકીએ છીએ.

૨૧૪. સૃષ્ટિરૂપી ગ્રંથમાં ઇશ્વરે પોતાના હાથથી સ્પષ્ટ લખ્યું છે કે, દૌર્બલ્ય જેવું પાપ નથી! અને તે દૌર્બલ્ય અજ્ઞાનથીજ ઉત્પન્ન થાય છે.

૨૧૫. નિયમ એટલે વસ્તુસ્થિતિ ઉપરથી ઠરાવેલો સામાન્ય સિદ્ધાંત.

૨૧૬. જે સત્ય છે, તે આજે નહિં તો કાલે પણ બળવાન થઇને યોગ્ય ઠરશેજ.

૨૧૭. સત્યનિષ્ઠ, સ્વાર્થ ત્યાગી મનુષ્ય ચમારના ધંધામાં પણ સંન્યાસવૃત્તિ લાવી શકે છે.

૨૧૮. સ્ત્રીઓ, બાળકો અને ક્ષુદ્ર એ એકજ રાષ્ટ્રવૃક્ષનાં મૂળ છે, છતાં એ સૌને કેળવવા અને ખિલવવા તરફ હિંદુસ્થાનમાં કોઈ ધ્યાન આપતું નથી. ઉચ્ચ કહેવાતા લોકો બહુ બહુતો એ કહેવાતાં વૃક્ષનાં ફળોજ કહેવાય, પરંતુ માત્ર શોભાનેજ ખાતર એ ફળો વૃક્ષ ઉપર લટકતાં રહે, એટલા માટે તેને પંપાળ્યા કરવામાં આપણે આપણો વખત નકામો ગાળવો ન જોઈએ. મૂળ તરફ ધ્યાન રાખો, તેને યોગ્ય ખાતર અને પાણી પુરૂં પાડો. એ મૂળની પુષ્ટિમાંજ એ શોભાના ફળની અને આખા રાષ્ટ્રવૃક્ષના દરેક અંગની ખરેખરી શોભા અને આબાદી રહેલી છે.

૨૧૯. પ્રિય સુધારકો ! શ્રીમંતોની ઈચ્છાનુસાર વર્તવાથી તમને ક્ષણિક મહત્વજ મળશે પરંતુ ગરીબ લોકો, સ્ત્રીઓ અને બાળકોના હાથથીજ સત્યની સ્વારી આગળ વધશે.

૨૨૦. જો દરેક બાળક સૂર્યનો પ્રકાશ અને હવા લેવાને યોગ્ય હોય, તો તે આધ્યાત્મિક પ્રકાશ અને હવા લેવાને કેમ લાયક ન હોવું જોઇએ ? એ બ્રહ્મવિદ્યા છુપાવો છો શા માટે ? અજ્ઞાન અને દૌર્બલ્યનાં ભોંયરાં અને ઓરડીઓ જમીનદોસ્ત કરી નાખો. ઈશ્વરી પ્રકાશ, ઈશ્વરી હવા લેવા દઈ આને ભાગ્યહિન ન બનાવો.

૨૨૧. દરેક જણ પોતાના અનુભવ પ્રમાણે ચાલે છે.

૨૨૨. બળાત્કારે નીતિનો ઉપદેશ કરવાથી સાંભળનારની વૃત્તિ તેથી વિરૂદ્ધ વર્તવા તરફજ દોરાય છે. કોઇ પણ બાબ-

તનો પ્રતિબંધ કરવાથી અથવા દોષ આપવાથી તેના સંબંધી તેની જીજ્ઞાસા ઉલટી વધે છે.

૨૨૩. હિંદુસ્થાનમાં વ્યવહારિક વેદાંત પુસ્તકોદ્વારા નહિં પણ આચરણદ્વારા શરૂ કરવું જોઇએ. વેદાંત એટલે શારીરીક, માનસિક અને આધ્યાત્મિક તંદુરસ્તી છે. અન્નાશયને નિરોગી કરવાથી સળેખમ, ઉધરસ, તાવ, મધુમેહ ઇત્યાદિ શારીરીક વ્યાધિઓજ નહિં પણ મત્સર, આળસ, તીખાપણું, મલિન વિચારો, દૌર્બલ્ય વગેરે જાતની અપવિત્રતા જતી રહેછે.

૨૨૪. જરૂરીઆતનું યથાર્થ જ્ઞાન એજ ખરૂં સ્વાતંત્ર્ય છે.

૨૨૫. જગતની કોઇ પણ વસ્તુના મહત્વથી દબાઇ જશો નહિં. તમારે તેને પણ જે કહેવું હોય તે કહો.

૨૨૬. સત્યની બાજુએ એકલા ઉભા રહેનાર જનો! બહુમતને તમારી વિરૂદ્ધ જોઇ ડરશો નહિં. સંકુચિત અજ્ઞાનનો એ દેખાતો બહુમત લીલાં પાદડાં અને ઘાસ ઉપરનાં ઝાકળનાં ટીપાં જેવો છે.

૨૨૭. હું બરોબર છું કે એમ પૂછવું એજ આપણી મોટી ભૂલછે.

૨૨૮. પ્રકૃતિએ જે જે બનાવ્યું છે તે સઘળું સુયોગ્ય અને સુવ્યવસ્થિત છે.

૨૨૯. જો તમારે દિવ્યદૃષ્ટિ જોઇતી હોય તો જેને માટે તમે એ સુક્ષ્મદૃષ્ટિ માગો છો તે ઇંદ્રિયજન્ય (ઇંદ્રિયોથી ઉત્પન્ન થએલું) જગત તમારે છોડી દેવું જોઇએ.

૨૩૦. ખરેખરૂં જ્ઞાન અને શિક્ષણ અંદરથીજ આવેછે. પુસ્તકોમાંથી અથવા બીજાના મગજમાંથી આવતું નથી. સર્વ મહાન વિભુતીઓ અને શોધક બુદ્ધિના મનુષ્યો, કેવળ વિચારમયી સ્થિતિમાંજ સર્વ શોધ કરી શકયા છે. તેમના મનમાં કોઈ પણ પ્રકારની વાસના, ખળભળાટ અથવા ગુંચવાડો નહોતો. તેમણે પોતાનું મન અને પોતાનું વ્યક્તિત્વ સ્વાર્થી વૃત્તિથી દૂર રાખ્યું હતું, તેઓ પોતે સ્ફટિક જેવા શુદ્ધ બન્યા હતા; તેથી તેમનામાં જ્ઞાનનો પ્રકાશ પડયો હતો.

૨૩૧. વેદાંતમાં કર્મનો અર્થ એવો થાય છે, કે આત્મા સાથે તાદાત્મ્ય સ્ફુરણા થવી અને સર્વ વિશ્વ સાથે એકતા થવી.

૨૩૨. પ્રેમરૂપી એકજ શક્તિ જગતમાં હોવાથી પ્રેમમાં લીન થવું એજ ઉદ્ધાર છે, અને એજ મુક્તિ છે.

૨૩૩. त्यागादमृत श्रुते—ત્યાગથીજ અમરત્વ મળે છે.

૨૩૪. જ્યારે તમારા વિચારો ગુંચવાઈ જાય અને અનેક તર્કવિતર્કોથી તમે ગભરાઇને થાકી જાઓ, ત્યારે એમ સમજવું. કે તમારા જ્ઞાનતંતુઓ ઉપર ઘણો બોજો આવી પડયો છે.

૨૩૫. જો તમારે તમારી શક્તિ સાચવી રાખવી હોય, તમારી તંદુરસ્તી કાયમ રાખવી હોય, અને જ્ઞાનતંતુરૂપી અશ્વ તમારા જીવનનો બોજો અનાયાસે ઉંચકે એવી તમારી ઈચ્છા હોય તો તેમાંથી અહંકારના વિચારોનો બોજો તમારે ઓછો કરવો જોઇએ.

૨૩૬. ચિંતા અને શ્રમના વિચારોને તમારા આયુષ્યનું સત્વ શોષવા દેતા નહિં. મનને સદા ઉલ્લાસી અને આનંદી રાખવું, કદિ કંટાળવું કે ગભરાવું નહિં, અને ભય, વિચાર કે ચિંતાથી કદિ દબાઈ ન જવું એજ ઉત્તમ તંદુરસ્તી અને બળવાન કાર્ય શક્તિનું રહસ્ય છે.

૨૩૭. લોકો યોગ્ય કાર્યો કરે એટલુંજ નહિં, પણ તેમને યોગ્ય બાબતો ગમે, તેઓ ઉદ્યમી બને એટલુંજ નહિં પણ ઉદ્યમ તેમને ગમે એમ કરવું એજ ખરા શિક્ષણનો ઉદ્દેશ છે.

૨૩૮. તમારી જાત પ્રત્યેનું કર્તવ્ય પણ તમને એજ ફરમાવે છે, કે તમારે સર્વ સ્થિતિમાં તમારી જાતને સુખી રાખવી.

૨૩૯. વિમુખ અથવા ઉદાસિન બનવું, એ એક ધાર્મિક, સામાજીક, રાજકિય અને પ્રાપંચિક ગુન્હો છે.

૨૪૦. અમારે કંઇ કર્તવ્ય નથી, અમારા ઉપર કાંઇ બોજો નથી, અમારી જાત સિવાય બીજા કશાના અમે જોખમદાર નથી. એવું માનીને આનંદ અને શાંતિનો આ પવિત્ર કાયદો તોડશો, તો તમે ત્હમારી જાતનાજ ભયંકર ગુન્હેગાર થશો.

૨૪૧. આનંદનોજ પ્રતિધ્વનિ જાય છે. નિશ્વાસનો પ્રતિધ્વનિ કરતાં તો પ્રતિધ્વનિ પણ પાછો હઠે છે.

૨૪૨. સુખ એજ શ્રેય છે, સુખી થવાનો કાળ વર્તમાન કાળજ છે, અને સુખી થવાનો રસ્તો બીજાઓને સુખી કરવા એજ છે.

૨૪૩. જો તમારો આત્મા સંતુષ્ટ થશે તો જનસમાજ પ્રસન્ન થવો જોઇએ, એ સિદ્ધાંત છે.

૨૪૪. જે સદા વિચારોજ કર્યા કરે છે, અને કાંઈ કરતો નથી તે ભ્રમ અને વ્યાધિમાંજ ડુબેલો રહે છે.

૨૪૫. કોઇપણ પ્રજાની આંતર ઉન્નતિની તે એક એવી સ્થિતિ છે, કે જે સ્થિતિ એક વખત સર્વેને જરૂરની છે.

૨૪૬. સુખનું ધામ તે તમારી અંદરજ છે. ઇંદ્રિયોના વિષયોમાં સુખ મેળવવા મથો નહિં. તમારી અંદર રહેલા સુખનો સ્વાનુભવ કરો.

૨૪૭. બીજાના અભિપ્રાયોથી લેવાઇ જવાની નબળાઇથી જેમજેમ તમે દૂર રહેશો, તેમ તેમ તમે સ્વતંત્ર બનશો.

૨૪૮. જેમને પોતાની જીંદગીનું રક્ષણ કરવા ઈચ્છા હોય, તેમણે પોતાના જીવનનો નાશ કરવો જોઈએ.

૨૪૯. લોકો પોતેજ પોતાની કલ્પનાથી પોતાની આસપાસ કારાગૃહ અને નર્કવાસ બનાવે છે.

૨૫૦. બીજાની અજ્ઞાનતાના કાંઇ તમે જવાબદાર નથી. તમે તમારી બુદ્ધિ અને મગજને તપાસો.

૨૫૧. સત્ય એ એક એવી ખૂબસુરત અને લાવણ્યમય મૂર્તિ છે, કે જે તમારા હૃદયમંદિરમાં પ્રવેશ કરે, તેને અર્થે તેને નિર્મળ દૃષ્ટિથી નિહાળવાની જરૂર છે.

૨૫૨. સુખ અને આનંદ મેળવવા માટે વિષયાશક્તિ અને પશુવૃત્તિના બારણે ભિક્ષા માગતા ફરવું એ આપણા સ્વરૂપને હિણપદ લગાડવા જેવું છે.

૨૫૩. બધાં પાપો માત્ર અજ્ઞાનને લઈનેજ છે કે જે અજ્ઞાન અનાત્મ શરીરમાં અને મનમાં આત્મબુદ્ધિની ભ્રાંતિ કરાવે છે. આ અજ્ઞાનનો ધ્વંસ કરો, એટલે પછી કોઈપણ જાતનું પાપ રહેવાનું નથી. બીજા કોઇ પણ ઉપાયથી તમે તમારૂં પાપ દૂર કરવા માગશો, તો તેને માટે તમારા દરેક પ્રયત્નો નિષ્ફળજ જશે. બીજી કોઈપણ વસ્તુનો નાશ થઇ શકતો હોય કે નહિં પણ અજ્ઞાનનો તો નિઃસંદેહપણે નાશ કરી શકાય છે.

૨૫૪. ઐહિક સ્વાર્થવૃત્તિનો અને લોભવૃત્તિનો તમે નાશ કરવા માગતા હો તો નક્કી જાણજો, કે તેના સત્ય સ્વરૂપનો તમે કદિપણ નાશ કરી શકશો નહિં.

૨૫૫. તમે દૃઢ આત્મનિષ્ઠ બનો, તમે પવિત્રમાં પણ પવિત્ર, માલિકના પણ માલિક, દેવોના પણ દેવ અને સકળ બ્રહ્માંડના સ્વામી છો. એવો તમે યથાર્થ સ્વાનુભવ કરો. પછી તમારી આસપાસ આજે અનેક જાતના ભૌતિક પદાર્થો છે, તે પ્રાપ્ત કરવા અને તેનો સંગ્રહ કરવા તમને કદિપણ વૃત્તિ થશે નહિં.

૨૫૬. દેહાત્મ બુદ્ધિનો નાશ તેજ અંતઃપ્રેરણાનો ખરો રસ્તો છે.

૨૫૭. જ્યારે મનુષ્ય કર્તા તરીકેનું ભાન ભૂલી પોતે ભાનસ્વરૂપજ, જ્ઞાનસ્વરૂપ બની જાય છે, ત્યારેજ તે બધી અંતઃપ્રેરણાની ખરી પરાકાષ્ટાએ પહોંચે છે.

૨૫૮. કોઇપણ મનુષ્ય અંતઃસ્ફુરણાવાળો, કાળદર્શી કે તત્વવેત્તા

છે, તે સાબીત કરી આપવાને માટે તેણે પતંગીયા માફક ત્યાગ સ્વરૂપી પૂર્ણ યોગી થવું જોઇએ.

૨૫૯. જ્યાં સુધી ભોકર્તૃત્વ અને કતૃત્વનો વિચાર તમારા મગજમાં ઠસેલો છે, ત્યાં સુધી તમને કદિ પણ તમારા હૃદયમાં પ્રેરણા થવા દેશે નહિં

૨૬૦. ઇચ્છાઓનું પરિણામ ભય છે, સર્વ ચિંતા એ ઇચ્છાઓનુંજ પરિણામ છે.

૨૬૧. સત્યનો માર્ગ કાંઇ શોધી કાઢવાનો નથી, કે મેળવવાનો નથી. માત્ર ઇચ્છાઓથી જે કારાગૃહ ઉભું કર્યું છે તેજ તોડી પાડો, એનેજ માટે તમારે પ્રયત્ન કરવાનો છે.

૨૬૨. પ્રભુનું સ્મરણ કરી, પ્રભુને ભેટી, તેની સાથે સંલગ્ન થઈ એવી તો અભેદતા પ્રાપ્ત કરો કે પછી કોઇ દિવસ વિયોગની વાતજ ના રહે. “ बलीयसी केवलमीश्वरेच्छा ” આમ રટણ કરવા કરતાં “મ્હારી ઈચ્છા પ્રમાણે પરિપૂર્ણ થાઓ.” “ મ્હારીજ ઇચ્છાથી સઘળું બને છે, ” એમ દૃઢ માનો મ ભજ્યા કરો.

૨૬૩. તમે ગમે ત્યાં હો, ને લાલચોથી ખરાબ કામ કરવા તત્પર થાવ, ત્યારે યાદ રાખજો કે પ્રભુ સર્વત્ર છે, ને સર્વ કૃત્યોનો સાક્ષી છે. પ્રભુ મ્હને જુવે છે એ ખૂબ યાદ રાખજો. હરદમ ઇશ્વરને સાક્ષી રાખીને કૃત્ય કરજો.

૨૬૪. જનમંડળ ભલે તમારાથી વિરૂદ્ધ પડે, તમને અનેક મુશીબતોમાં લાવી મૂકે, પરન્તુ તમારા મનરૂપી જળમાંથી

દિવ્ય, પવિત્ર અને નિર્મળ જળ વહેવા દેજો. અમૃત ઝરો વહે એવું કરજો; કે જેથી કરીને કોઇ મિત્ર કે દુશ્મનનું પણ અમંગળ થાય નહિં.

૨૬૫. જગતમાં અનેક ભાષણો થાય છે, નાના કે મોટા, પવિત્ર કે અપવિત્ર દરેક જણ ભાષણો તો આપે છેજ, પરન્તુ જ્યાં સુધી પોતે પોતાનેજ ભાષણો આપી મનોબળ વધારે નહિં, ત્યાં સુધી સર્વ વૃથા છે. ઉન્નતિક્રમનાં પગથીઆં ચ્હડવાને સારૂં પોતે પોતાના મનને શિખામણ દે, તોજ શ્રેય થાય, દરેકે પોતાની મેળેજ પોતાને સુધારવો જોઇએ.

૨૬૬. એકાંતમાંની એકાંત ગુફામાં પાપ કરો તો પણ જે ભૂમિ ઉપર ઉભા રહી તે પાપ કરો છો, તે ભૂમિ ઉપર ઉગેલું નિર્જીવ ઘાસ પણ તે વાતની સાક્ષી પૂરશેજ, તે ગુફાનો પત્થર તથા આસપાસનાં ઝાડ વગેરેને પણ વાચા થઇ તમારાં પાપો ખુલ્લાં કરશેજ.

૨૬૭. હૃદયમાં પાપી વિચાર ઉત્પન્ન થાય છે તેના પરિણામેજ બાહ્ય જગતમાં દુઃખદાયક બનાવો આપણને વિંટળાઇ વળે છે.

૨૬૮. જ્યાં સુધી મનુષ્ય દોષ દૃષ્ટિ રાખે છે ત્યાં સુધી તે ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકતો નથી.

૨૬૯. જો મનુષ્યજાતિને ભજશો, એટલે કે, મનુષ્યને મનુષ્ય તરીકે નહિં ગણતાં ઇશ્વર તુલ્ય ગણશો તો દરેક વસ્તુમાં ઈશ્વરને જોશો, સાથે સાથે તમે ખુદ ઈશ્વરનેજ ભજો છો, એમ પણ સમજાશે.

૨૭૦. ટીકા કરવી, નિંદા કરવી એ ઇશ્વરથી વિમુખ રહેવા જેવું છે. મનુષ્ય પોતાના દુર્ગુણો જાણવા છતાં પોતાને ધિક્કારતો નથી, પણ બીજામાં એજ દુર્ગુણને જોઈને તિરસ્કાર કરે છે! માટે તિરસ્કારથી દૂર રહો! દુર્ગુણથી દૂર રહો એટલે ઇશ્વરને તુરત ઓળખશો.

૨૭૧. દેવદર્શને જવું, ત્યાં માળા ફેરવવી ને પ્રભુની પાદપૂજા માત્ર કરવી એટલાથી નભે નહિં. મનુષ્યે પોતાના જાતિ બંધુઓ તરફ પણ પોતાની ફરજો અદા કરવાની છે. પ્રભુને ઉત્તમ પ્રકારે ભજવાનો રસ્તો તો પોતાના મિત્ર વગેરેમાં પ્રભુને જોવો.

૨૭૨. દુષ્ટ વિચારો પ્રતિ અલક્ષ રહીએ તો તેવા વિચારો તેના પેદા કરનાર તરફજ પાછા વળે છે.

૨૭૩. હે જગતના લોકો! તમે કદિ પણ શિવ અને શયતાન બંનેને સાથે નહિં ભજી શકો. જગતનાં સુખો ભોગવો ને તે સાથે સત્યનો સાક્ષાત્કાર કરવા ઇચ્છો એમ કોઈ પણ કાળે બનનાર નથી.

૨૭૪. સ્ત્રી પુરૂષે પરમાત્મા તરફના કાગળ માફક એક બીજા તરફ વર્તવું જોઇએ.

૨૭૫. દૂધ મેળવવા સારૂં ગાયને દોહવી પડે છે. તે પ્રમાણે ઇશ્વરને મેળવવા સારૂં મનુષ્યે પોતાનું હૃદય દોહવાનું છે.

૨૭૬. આ જગતમાં ગરીબમાં ગરીબ ભિખારીઓ પણ કીર્તિ ને માનની પદ્વી મેળવી શકયા છે. ઘણીજ હલકી ને નીચ

સ્થિતિમાં જન્મેલાઓ પણ ઉચ્ચમાં ઉચ્ચ સ્થિતિએ જઇ પહોંચેલા છે. નેપોલિયન બોનાપાર્ટ કે શેકસપીયર, લંડનના લોર્ડ મેયર વીટીંગ્ટન, કે ચીનનો એક ગરીબ ખેડુત કે જે એક ચીનનો મુખ્ય પ્રધાન થઈ ગયો, તેમના દાખલા લ્યો.

૨૭૭. જગતમાં લોકો ઇચ્છા કરતી વખતે એ ઇચ્છાઓનું પરિણામ શું આવશે તે વિષે વિચાર કરતા નથી, તેમજ દરકાર પણ કરતા નથી, ને અંતે જ્યારે પરિણામ આવે છે, ત્યારે નશીબને ગાળ દેછે; ગૃહદશાને નિંદે છે, રૂએછે, કકળેછે, હાથ પછાડે છે અને માથું કુટે છે માટે ઇચ્છા ભલે કરો પણ કરતી વેળા પરિણામનો ખૂબ વિચાર કરજો. માત્ર મનુષ્ય પોતેજ પોતાના દુઃખ ઉત્પન્ન કરે છે.

૨૭૮. ધર્મ, સંસ્થા, નિયમો, કાયદા વિગેરે મનુષ્યને માટે છે, મનુષ્ય તેમને માટે નથી. કાયદા, કાનુનો મનુષ્ય માટે છે, મનુષ્ય કાયદા, કાનુનો માટે સૃજાયેલો નથી. ભવિષ્યમાં જે ધર્મ પ્રવર્તશે તે મનુષ્ય ઉપર રાજ્ય નહિં ભોગવે, પણ મનુષ્ય તેના ઉપર રાજ્ય ભોગવશે.

૨૭૯. ધર્મનો ઉદ્દેશ આપણને એના ગુલામ બનાવવાનો નથી, પણ સ્વતંત્ર રીતે જગતમાં રાજ્ય ભોગવવાનો છે.

૨૮૦. કુવામાં કૂદકો મારી અદ્ધર રહેવા ધારશો તો રહી શકશો પણ જગતના કોઇ પણ પદાર્થના મોહમાં ફસીને કલેશથી બચવું ધારશો, તો તે તદન અસંભવિત છે. સૂર્યોદય થાય

છતાં પ્રકાશ ન પડે એ પણ કદાચિત બને, પણ ચિત્તમાં પવિત્ર ભાવ અને બ્રહ્માનંદ જામ્યા પછી શક્તિ અને શ્રી આદિ રાણીઓ તમારી પાણીઆરી-દાસી ન બને એતો અસંભવિતજ છે.

૨૮૧. જેને બ્રહ્મજ્ઞાન નથી તેનાથી પીડા ને દુઃખ કદિ છુટતાં નથી.

૨૮૨. માણસ પોતાની ઇચ્છાનો બનેલો છે, અર્થાત માણસ જેવા વિચાર અને ચિંત્વન કરે છે તેવો તે પોતે અવશ્ય બની જાય છે. તો પછી બ્રહ્મ ચિંતનજ કયાં ન કરવું ? એટલે કે પોતે પોતાને બ્રહ્મરૂપ કાં ન દેખવું ? ब्रह्मविद ब्रह्मेव भवति ! “ બ્રહ્મને જાણે તે બ્રહ્મ બને છે.”

૨૮૩. તમારાપર કોઈએ વ્યર્થ અત્યાચાર ગુજાર્યો હોય તો અહંકાર અને પક્ષપાત રહિત બની તમે તમારો પોતાનોજ આગળ પાછળનો હિસાબ તપાસો. તમને ફટકો એ માટે પડયો હતો કે તમે અયુકત રજોગુણમાં દિલ પરોવ્યું હશે, આત્મ-સન્મુખ નહિં રહ્યા હો, રામના નિયમનો ભંગ કર્યો હશે; મનને બ્રહ્માકાર ન રાખવાથી આ સજા મળી. તમે એ શત્રુની સાથે લડીને વેર વાળવા તૈયાર થાઓ છો. પણ જરા ભાન રાખો કે પોતાની પહેલી ભૂલજ ચોગણી પાંચગણી ન બની જાય.

૨૮૪. सत्यमेव जयते नानृताम् “જય આખરે સત્યનોજ થાય છે અસત્યનો નહિ.”

૨૮૫. વિષય વિલાસમાં પડી રહેવું એ તો ઇશ્વરી આજ્ઞાનો ભંગ છે, અને એ આજ્ઞા ભંગનો દંડ, રોગ વ્યથાદિ રૂપમાં મળે છે.

૨૮૬. આનંદનો લોભી મનુષ્ય ઉપાસના કદિ પ્રાપ્ત કરી શકતો નથી. જેનું ચિત્ત ઉદાર નથી એ ભક્તિરસને શું જાણે? અને સાચો ઉદાર તો એજ છે કે જેના અંતઃકરણમાં કોપીનભર પણ મમત્વ ન હોય.

૨૮૭. " सर्वं खल्विदं ब्रह्म " રૂપી જ્ઞાનાગ્નિમાં જગતના પદાર્થ અને તેની કામનાનો હોમ થઇ જાય એટલે સામ્રાજ્ય (સ્વરાજ્ય) ની પ્રાપ્તીમાં વાર નથી.

૨૮૮. અહંતા, મમતા અને ભોગવાસના સંબંધી ઈશ્વરની પાસે પ્રાર્થના કરવી, એ ત્રાંબાપાત્રમાં દૂધ ભરવા જેવું છે. દુઃખ પામીને એ વાત શીખશો એના કરતાં એ વાસનાનો પહેલેથીજ ત્યાગ શા માટે નથી કરતા?

૨૮૯. પરમેશ્વર તો રાજાધિરાજ છે. ભીખ માગતા કંગાલ બનીને તેની પાસે જશો, તો દૂરથી 'દૂર' 'દૂર' શબ્દજ સાંભળશો. એ રાજાધિરાજને મળવું હોય, તો કામના, વાસના, ને ઈચ્છારૂપી જુનાં પુરાણાં ને ફાટેલાં ચિથરાંને ઉતારી મૂકો. રાજાને ત્યાંતો રાજાજ મ્હેમાન હોય. જ્યાં સુધી તમે રાજા નહિં બનો ત્યાં સુધી એ રાજાધિરાજ પાસે બેસવાનો તમને અધિકાર પ્રાપ્ત નહિં થાય.

૨૯૦. પ્રાર્થનાનો અર્થ માગવું, ઇચ્છવું અથવા મારી મુરાદ પાર પાડો એવો થતો નથી. તમારા હૃદયગર્ભમાંથી 'હે પ્રભુ મ્હારી ઈચ્છા પ્રમાણે નહિં પણ તારી ઈચ્છા પ્રમાણે થાઓ' એવો ઉદ્‌ગાર નીકળવો જોઈએ.

૨૯૧. જ્યારે મનુષ્ય સંપૂર્ણ ઇંદ્રિયદમન, સંપૂર્ણ સર્વસ્વત્યાગ, સંપૂર્ણ અહંત્વનો ત્યાગ, સંપૂર્ણ સંસારત્યાગ, સંપૂર્ણ આત્મસમર્પણ અને સંપૂર્ણ આત્મનિવેદનની ઉચ્ચ સ્થિતિએ પહોંચે છે; ત્યારે જે જે પ્રાર્થનાઓ કરવામાં આવે છે, તે સર્વ અવશ્ય ફલિત થાય છે, આવી પ્રાર્થનાઓને ભિક્ષા માગવાની અને યાચના કરવાની પ્રાર્થનાઓ ન કહેવી જોઇએ.

૨૯૨. જો તમારે ઈશ્વરની પ્રાપ્તિ કરવી હોય, તો તમારે ઈશ્વરી પોષાક ધારણ કરવો જોઇએ.

૨૯૩. જે માણસને ઈચ્છા, તૃષ્ણા અને આકાંક્ષા છે, જે તેને માટે રાતને દિવસ બેચેનીમાંજ રહે છે, જે જરૂરીઆત અને દુઃખમાં દટાઇ અતિશય ઉદ્વેગમાં ને ઉદ્વેગમાં જ રહે છે, તેવા માણસને કદિ સુખ મળતું નથી.

૨૯૪. જે ઇશ્વરની ઇચ્છા વિરૂદ્ધ પોતાની ઇચ્છા કરે છે, તે છિન્નભિન્ન થઈ જવોજ જોઇએ ! તેણે જુલમ ભોગવવોજ જોઇએ.

૨૯૫. ઇશ્વરી નીયમ એ અગ્નિ છે, તે સંસારના સર્વ સ્નેહને બાળી નાખે છે, તે અજ્ઞાન મનને દગ્ધ કરી નાખે છે.

૨૯૬. ઈશ્વરી નિયમોજ મનુષ્યને બંદુકની સંગીન વડે ધાર્મિક બનાવે છે, ઈશ્વરી નિયમોજ વારંવાર પ્રહાર કરી આપણને જાગૃત કરે છે.

૨૯૭. મનુષ્ય, જો આ દુનિયાની કોઇ પણ વસ્તુ ઉપર આશક્તિ રાખશે, તો તેના ઉપર ઇશ્વરનો કોપ કદિ પણ ઉતર્યા વગર રહેવાનો નથી. જો આ સત્ય લોકોને મોડું સમજાય છે, તો તેનું કારણ માત્ર એજ છે, કે લોકોમાં બરાબર અવલોકન કરવાની શક્તિ હોતી નથી.

૨૯૮. લોકો પોતાની બાબતોમાં પોતાનો દોષ કાઢવા માગતા નથી, અને તેઓ તરત બીજાનેજ દોષ આપવા તૈયાર થઈ જાય છે, પરન્તુ તેઓ પોતાની મનોવૃત્તિ અને મનોવિકારના વલણને તેમજ તેમાંથી ઉપજતા પરિણામને નિ:સ્વાર્થી દૃષ્ટા તરીકે જોવાનું જાણતા નથી.

૨૯૯. વિદ્યમાન ગુરૂઓને આપણા ઉપર વિશ્વાસ રખાવી, તેમજ આપણો વિશ્વાસ તેમનામાં છે, એમ મનાવી આપણે કેટલી બધી વાર તેમના અધ્યાત્મના ઉચ્ચ પદમાંથી અધ:પાત કરીએ છીએ.

૩૦૦. જેઓના સંસર્ગમાં આપણે આવીએ છીએ, તેમના સંબંધી વિચાર આપણે આપણા મનમાંથી તદન કાઢી નાખવો જોઇએ, અને આપણે આપણું અંતઃકરણ સુધારવા તરફજ પુરતું લક્ષ આપવું જોઇએ.

૩૦૧. ઈશ્વર કરતાં કોઇ પણ વસ્તુને વિશેષ ગણવી ન જોઇએ, કારણ કે કોઈ પણ વસ્તુની તુલના ઇશ્વરની બરોબર કરી શકાય એમ નથી. જો આપણે પોતાની સ્તુતિ, નિંદા અને વ્યાધિને અધીન છીએ એમ માનતા હોઇએ તો સ્તુતિ, નિંદા અને વ્યાધિ એ ત્રણે સરખી રીતે આપણાં વિનાશક છે. તમે ઇશ્વરનો સાક્ષાત્કાર કરો અને ઈશ્વરમાં આનંદના ગીતોનું ગાન કરો. રામ જેવી રીતે શારીરિક દુઃખોને ઇશ્વરના દરબાર તરફથી નિયોજાયલા દરવાન તરીકે ગણે છે, તેવી રીતે સ્તુતિ અને નિંદાને તમે ગણો.

૩૦૨. જેઓ ભ્રાંતિથી ઇંદ્રિયોના સુખને ખરૂં માને છે, તેઓ ફીણ ઉપર ઇમારત ચણી, ડુબી મરણ પામે છે.

૩૦૩. ઈશ્વરી નિયમની નિમકહલાલ અને નિર્દોષ વફાદારીથી મનુષ્યોનાં હૃદય કદાચ ભગ્ન થાય તો તેથી, તેને માટે આપણે કાંઈ જવાબદાર નથી. આપણે તો જવાબદાર માત્ર ઈશ્વરી નિયમોનો ભંગ નહિં કરવાને અર્થે છીએ. એજ આપણી સર્વ કરતાં વિશેષ જવાબદારી છે.

૩૦૪. ઇશ્વરમાં જીવન ગાળનારને આપત્તિ જણાતી નથી, અને ઇશ્વરે નિર્માણ કરેલું કાર્ય પૂરૂં થતાં પહેલાં આ શરીર કદિ પડવાનું નથી.

૩૦૫. ઈશ્વરના અસ્તિત્વ વિનાના ઇતિહાસના વાંચનમાંથી ઉછીના લીધેલા વિચાર પ્રમાણે કોઇએ પોતાનું જીવન બાંધવાને પ્રયત્ન કરવો નહિં.

૩૦૬. ઈંદ્રિયોના સુખની આશક્તિ ઉપર આત્માના બાળી નાખે એવા પ્રજ્વલિત પ્રકાશને પ્રકટાવી તેને બાળી ભષ્મ કરી નાખો, તમારા હૃદયમાં સંસારી વાસનાને સ્થાન આપશો નહિં. અને સત્ય સ્વરૂપ રામથી તમારા હૃદયને સદા ભરપૂર રાખજો.

૩૦૭. દેહાભિમાન અને દેહાધ્યાસનો નાશ કરવો એ સત્ય જીવનનો નિયમ છે, એ પ્રત્યક્ષ સત્યને જે જાણતો નથી, તે ખરેખર હજી અજ્ઞાનના અંધકારની શોચનીય સ્થિતિમાં રહેલો છે. દેહાભિમાન અને દેહાધ્યાસને નિર્મૂળ કરવું એ અનંત જીવનનું પુનરૂજ્જીવન છે.

૩૦૮. જેવી રીતે સુવર્ણને વિશુદ્ધ કરવાને અગ્નિ આવશ્યક છે, તેવી રીતે આપણા ચારિત્ર્યને ખીલવવા માટે દુઃખ આવશ્યકછે.

૩૦૯. માન, અપમાનનો પ્રસંગ આવતાં તેની જરી પણ આપણા ઉપર અસર થવા ન દેવી એ આપણા મહાનપણાની એક ઉત્તમમાં ઉત્તમ કસોટી છે.

૩૧૦. તમે તમારી જાતને ઉંચી કરો, ઉન્નત કરો, એટલે આ સમસ્ત વિશ્વ પોતાની મેળે ઉંચું, ઉન્નત થશે.

૩૧૧. પ્રત્યેકની ફરજ એ છે કે પોતે પોતાની જાતથીજ મજબુત થવું જોઇએ.

૩૧૨. સુધારાનો ઝુંડો લઈને ફરનાર હે સુધારકો! તમે આ દુનિયાને પાપી માનો છો, તમે આ દુનિયાને અધમ ગણી તેને નિંદો છો, પણ આ દુનિયા એટલી બધી કંગાળ શા માટે રહેવી જોઇએ, કે તેને ત્હમારી મદદ માગવી પડે.

૩૧૩. તમે તમારા સત્ય ઇશ્વરી સ્વભાવનો સ્વાનુભવ કરો. જે ક્ષણે તમે તમારા દિવ્ય સ્વરૂપમાં નિષ્ઠા પામશો, તેજ ક્ષણે જીવન, શકિત અને સામર્થ્યનું ઝરણુ પોતાની મેળે વહેવા માંડશે. સત્યનો પ્રચાર કરવાનો આજ રસ્તો છે.

૩૧૪. દેવળમાં પ્રાર્થના કરી રહ્યા પછી લોકોને જો એવો દૃઢ વિશ્વાસ થાય કે અમારો ઉદ્ધાર થયો છે, તો ખરેખર તેઓનો ઉદ્ધાર થાય છેજ.

૩૧૫. દુનિયામાં જે જે મહાન વીરપુરૂષો થઈ ગયા, તે બધા મહાન વીર્યવતી માતાનાજ પુત્રો હતા. મહાન વીર્યવતી માતાના પુત્રો તે હંમેશાં મહાન વીરપુરૂષોજ નીવડે છે. આ બધાં મહાન સત્યોનો બાલ્યાવસ્થામાંથીજ જો બાળકને સંસ્કાર પાડવામાં આવે, આ સત્ય આત્માની પ્રતીતિના સંસ્કારનાં બીજ બાલ્યાવસ્થામાંથીજ જો બાળકમાં નાખવામાં આવે તો એ બાળક તે ભવિષ્યમાં કૃષ્ણ અને ક્રાઈસ્ટ નીવડે. માતાજ બાળકને સ્વાભાવિક રીતે અવનત તેમજ ઉન્નત બનાવી શકે છે.

૩૧૬. પોતાના સ્વરૂપનું ભાન કરનાર મનુષ્ય સદા મુક્ત છે. તેને પાછું ફરીથી કદી જન્મ–મરણ હોતું નથી.

૩૧૭. જે મનુષ્યને ખરા સુખની પ્રાપ્તિ નથી, તે અન્યને સુખ આપી શકતો નથી, જો તમે જાતેજ ગરીબ છો, ઘરમાં ખાવા અન્ન નથી અને ભૂખે મરો છો, તો તમે બીજા ભૂખથી ટળવળતા ગરીબોને કેવી રીતે તૃપ્ત કરી શકશો ?

૩૧૮. જ્યાં સુધી તમે તમારી જાતને એક સાડા ત્રણ હાથની લાંબી અને ૧૫૦ રતલ વજનવાળી વસ્તુ સમાન, એક ન્હાના સરખા ભાગ અથવા એક અલ્પ અંશ જેવી ગણશો, જ્યાં સુધી તમે હાડ, માંસ અને લોહીના એક સંઘ સ્વરૂપ છો, એમ માન્યા કરશો, ત્યાં સુધી તમે પરિમિત, પરિચ્છિન્ન, ક્ષય પામતા સ્વભાવવાળા અને એક વિભકત અંશ જેવા છો. તમે અખંડ નહિં પણ એક ખંડ જેવા છો.

૩૧૯. જો ત્હમે તમારા કાર્યમાં ફતેહમંદ થવા માગતા હો, તો તમે લોહચુંબકના જેવા આકર્ષણ શકિતસ્વરૂપ બનો. જેવી રીતે લોહના દરેક પરમાણુંઓ ચારે તરફથી લોહચુંબક તરફ આકર્ષાય છે, તેવીજ રીતે દરેક પદાર્થો ચારે તરફથી ત્હમારી તરફ આકર્ષાશે, કારણ કે ઇચ્છા એ એક લોહચુંબક શકિત સમાન છે.

૩૨૦. પ્રથમ તમે તમારૂં આત્મરહસ્ય સિદ્ધ કરો, એટલે પછી આ દુનિયાના સર્વ પદાર્થો તમારી પાસે ચાલ્યા આવશે.

૩૨૧. જ્યારે તમે ઇશ્વરનાં દર્શન કરવાની ઇચ્છા કરો છો, ત્યારે ત્હમે ઇશ્વરને તમારાથી બહાર મૂકો છો, તમે ઇશ્વરને તમારાથી અલગ કરો છો, તમે મનુષ્ય જાતનું ભલું કરવાની ઇચ્છા કરો છો, પરંતુ શા માટે આ દુનિયા એવી ગરીબ હોવી જોઇએ, કે જે તમારૂં ધ્યાન ખેંચવા માટે તમને વિનતિ કરે.

૩૨૨. લોકો તમારાં વખાણ ન કરે તોય હરકત નથી, કદિ તમારૂં નામ ન રહે તોય કાંઇ વાંધો નથી, કારણ કે દુનિ-

યાની દૃષ્ટિમાં જે ફતેહ જણાય છે તે તો કેવળ ઇંદ્રિયોનો ભ્રમ છે. ખરી ફતેહ તો તમને ત્યારેજ મળે છે, કે જ્યારે તમે ‘હું સર્વરૂપ છું, હું દિવ્ય સ્વરૂપ છું, હું જાતેજ ફતેહ સ્વરૂપ છું” એવી ભાવના કરો ત્યારે !

૩૨૩. જો કદિ આ દુનિયાના ભૌતિક પદાર્થો તથા સુખ તમને પ્રાપ્ત થાય, તો તમારે કહેવું જોઇએ કે:–“ હે સેતાન ! તું મારી પાછળથી ચાલ્યો જા, તારા હાથનું મારે કાંઇ પણ નહિં જોઈએ.”

૩૨૪. પ્રભુ અને આનંદ પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ–ટુંકો રસ્તો ‘ હું પોતેજ સાક્ષાત પ્રભુ અને આનંદ સ્વરૂપ છું ’ એવી આત્મપ્રતિતી કરવી એજ છે.

૩૨૫. જો તમે તમારા મનની અમૂક પ્રકારની અસ્થિરતાને દૂર કરી શકો, જો તમારા ચિત્તની સ્ખલનવાળી અને ચલિત સ્થિતિ, તેમજ વ્યગ્રતા અને વ્યાકુળતાવાળી સ્થિતિનો સંયમ કરી શકો, તો તમારૂં જીવન એ લાખો મનુષ્યોનું જીવન થઈ પડશે.

૩૨૬. મોક્ષ પ્રાપ્તિના સંભવ માટે પ્રત્યેક મનુષ્યમાં છૂપી રહેલી સ્વાભાવિક શ્રદ્ધાજ આત્માની નિર્લેપતા અને નિષ્કલંકતા તત્ત્વતઃ સિદ્ધ કરે છે.

૩૨૭. મનુષ્ય જે વખતે જગતના દૃશ્ય પદાર્થોમાં કાર્ય કારણ સત્તાનો વિશ્વાસ રાખી, તેને સત્ય માનવા માંડે છે, તેજ પળે તેની અધોગતિ થાય છે.

૩૨૮. જ્યાં સુધી મનુષ્ય પોતાની માલમિલ્કત, ધન-દોલતના મોહમાંથી મુક્ત નથી થતો ત્યાં સુધી તેને માટે ત્રિભુવનમાં સુખની આશા નથી.

૩૨૯. આ દેશમાં અનેક પ્રકારનાં ભાષણો થાય છે. હવે તો તમો તમારી જાતની-પોતાનીજ પાસે વ્યાખાન આપો, પોતેજ ઉપદેશ ગ્રહણ કરો, એ વિના કોઇ પણ પ્રકારની ઉન્નતિ થવી સંભવિત નથી.

૩૩૦. તમે માત્ર એક વખતજ પવિત્ર વિચારોને પોષણ આપવામાં વિજય મેળવો તો પછી ગમે તેટલો વખત પણ ચિત્તની એકાગ્રતા રાખી શકશો.

૩૩૧. "સત્ય" લોકપ્રિયતાની તમામ તૃષ્ણાઓથી પર છે.

૩૩૨. તમે હાલ જે સ્થિતિમાં છો, તે સ્થિતિ તમારીજ પૂર્વની વાંચ્છનાઓ અને કર્મનું પરિણામ છે; તે પ્રમાણે તમારી ગમે તેવી સ્થિતિ, ગમે તેવી પરિસ્થિતિ, કે ગમે તેવું પ્રારબ્ધ હોય તે તમારી પૂર્વની વાંચ્છનાઓ, ઈચ્છાઓ, તૃષ્ણાઓ અને પૂર્વનાં કાર્યોથી થયેલાં છે.

૩૩૩. અજ્ઞાની અલ્પજીવો પોતાનું સ્વાતંત્ર્ય વેચે એ જુદી વાત છે, પણ તમારે કદાપિ વેચવું જોઇએ નહિં.

૩૩૪. તમારી સ્વતંત્રતા ન વેચતાં તમારૂં સ્વાતંત્ર્ય સાચવીને અભ્યાસ કરો તોજ તમે વેદાંતના રહસ્યમાં પ્રવેશી શકશો. વેદના શિક્ષણને કોઇની ટીકા, બ્હીક નથી, તેને કોઈપણ શંકા અથવા પ્રશ્નોની બ્હીક નથી.

૩૩૫. જ્યાં સુધી તમે અજ્ઞાની છો ત્યાં સુધીજ તમે દુઃખી છો.

૩૩૬. સ્થુલ ભૂમિમાં, અનુભવી દુનિયામાં તમારી બુદ્ધિને માટે પૂરતું કામ છે, પણ આધ્યાત્મિક જગતમાં તો તમારે માત્ર એકજ રસ્તે થઇને આવવાનું છે અને તે રસ્તો સાક્ષાત્કારનો છે. તે રસ્તો સ્નેહનો, લાગણીઓનો, શ્રદ્ધાનો નહિં પણ સાક્ષાત જ્ઞાનનોજ છે.

૩૩૭. ઇશ્વરની ઇચ્છા એજ તમારી ઇચ્છા છે એમ માનો, સુખ દુઃખના વાવાઝોડામાં પણ ઇશ્વરના હેતુનેજ તમારો હેતુ બનાવો.

૩૩૮. તમે તમારા સમીપસ્થ અંતરાત્માપર શ્રદ્ધા ન રાખતાં, બહારના આ ચંચળ અને અસ્થિર ચિત્તવાળા જનસમુહના અભિપ્રાયપર વિશ્વાસ રાખો છો, એ સમાજથી ભય પામી તેમના ઉતાવળીઆ ન્યાયપર નમ્રતા અને વિવેક દર્શાવી તેને માન આપી તમારૂં જીવન એવું તો કંગાળ બનાવો છો, કે જેથી તમારા જીવનનો પરમ ઉદ્દેશ તમે પાર પાડી શકતા નથી.

૩૩૯. જગતના અભિપ્રાયપર લક્ષ ન આપતાં તમે તમારી સ્વમતિ અનુસાર વર્તન રાખો, સ્વતંત્ર બનો, એ એકમેવા દ્વિતીય, પરમપ્રિયતમ, સચ્ચિદાનંદ, અંતર્યામી વિભુ આત્મ દેવને સંતોષવાજ પ્રયત્ન કરો. નાનાવિધ મતિના જનસમુહને તમે કોઇ પણ રીતે સંતોષ આપી શકશો નહિં, એ રાક્ષસી વૃત્તિવાળા નીચ સમાજના તમે કોઇ પણ રીતે જરાએ ઋણમાં નથી. તમારે અને સમાજને શું લેવાદેવા

છે? તમારે તેમનું કયું દેવું પતાવવાનું છે? કંઇ નહિં જરાએ નહિં. તમે પોતેજ તમારા પ્રારબ્ધના ઉત્પન્ન કરનાર છો. બીજાઓને માટેજ તમારે અમાનુષી જીવન જીવવાની શી આવશ્યક્તા છે?

૩૪૦. જો તમારે દિવ્યદૃષ્ટિ જોઇતી હોય તો ઇંદ્રિયોમાં જે સુખો શોધો છો, તે સુખની વાસનાથી તમારે પર થવું જોઇએ.

૩૪૧. પ્રત્યેક પ્રકારનું જ્ઞાન અને કેળવણી અંતરમાંથી ઉદ્ભવે છે.

૩૪૨. જગતના બુદ્ધિમાન પુરૂષો, અદ્ભૂત શોધકો, અને નિપુણ તત્વવેત્તાઓ જ્યારે સ્વાર્થાશામાંથી મુક્ત થઈ વ્યક્તિગત અને મનોગત ભાવનામાંથી વિમુખ રહી, ઇંદ્રિય સુખની આશા તૃષ્ણાઓને દૂર ફેંકી પરમ આત્યંતિક વિચાર દૃષ્ટિમાં ઓતપ્રોત થયા હતા, ત્યારેજ તેઓ અદ્ભૂત શોધોનો ભંડાર પામી શકયા હતા.

૩૪૩. તમારી પરિસ્થિતિની અસર તમારા જીવનપર નિત્યનિરંતર પડવા દેશો, તો તમે પોતેજ તમારે માટે કબર બનાવશો મતલબ કે તમે મૃત્યુનેજ આવાહન કરો છો.

૩૪૪. મનને અહર્નિશ વિશુદ્ધ રાખવું, આનંદમાં નિમગ્ન રહેવું, ચિત્તમાં સ્થિરતા અને શાંતિ અનુભવવાં, અને કોઈ પણ પ્રકારની ચિંતા કે ઉપાધિને અંતઃકરણમાં સ્થાન ન આપવું એજ સંપૂર્ણ આરોગ્ય અને સોત્સાહ કર્મપરાયણતા ભોગવવાનું પરમ ગૂઢ રહસ્ય છે.

૩૪૫. જગતના લોકોની ટીકા, સમાજના અભિપ્રાય કે મતમતાંતર તમારા સચ્ચિદાનંદ સ્વરૂપને લેશ માત્ર પણ બાધ કે સ્પર્શી કરી શકનાર નથી.

૩૪૬. સદ્ધર્મથી આચરણ કરનાર ગૃહસ્થને જેટલી સુગમતાથી આત્મસાક્ષાત્કાર થઇ શકે છે, તેટલી સુગમતાથી અવિવાહીત પુરૂષને થઇ શકતો નથી.

૩૪૭. સ્વામી થા અર્પવા સૌને, ના દાસ કશું યાચવા;
ભોગી થા આત્મસત્તાનો, સુખી થા અન્ય સર્વથા.

૩૪૮. વિશ્વમાં જે સર્વ ભૂત માત્રને આત્મામાં જુએ છે, જેમને સાક્ષાત્કાર થયો છે, કે એવા સત્પુરૂષોના સહવાસથી, આત્માના સત્યવ્યાપક સ્વરૂપનો સાક્ષાત્કાર—અનુભવ થઇ શકે છે.

૩૪૯. કોઇ ક્લેશી અને દુઃખીની સોબતમાં રહેવાથી આપણને પણ ઉદ્વેગજ થાય છે, અને કોઈ ગમ્મતી, ઉલ્લાસીના સહવાસ અને સંગથી આપણને પણ ઉલ્લાસ અને આનંદ થાયછે.

૩૫૦. વસ્તુ કરતાં તેની અંદર રહેલા સ્વરૂપનોજ વધારે અનુભવ કરવો જોઇએ, અને ત્યારેજ સંસારનો સ્નેહ, અને જગતનાં કાર્યો, સીધાં, સરળ અને વિઘ્ન વગરનાં થશે. બીજી રીતે કરવાથી તે વાંકાં, ક્લેશમય અને વિઘ્નવાળાંજ થશે.

૩૫૧. સંસારના સર્વ વ્યવહારિક કાર્યોની વ્યવસ્થા અને મર્યાદા સત્યસ્વરૂપ અનન્તશક્તિજ રાખે છે.

૩૫૨. તમારે પરમેશ્વરના મંદિરમાં, દરબારમાં પરમેશ્વરના દર્શનાર્થે જવું હોય તો, રાંકડાવેડા છોડી, દુબળાપણાનો,

ભિખારીનો ચિંથરીઓ પોષાક ફેંકી દઈને, આત્મશ્રદ્ધાનો, આત્મવિશ્વાસનો, નિસ્પૃહતાનો દિવ્ય મૂલ્યવાન પોષાક ધારણ કરીને જવું જોઇએ.

૩૫૩. ત્યાગ શબ્દ દરેકને કડવો લાગે છે, દરેકના મનને ધ્રજાવે અને કંપાવે છે, પણ એ ત્યાગ સિવાય તમારા કુટુંબમાં લગારે સ્વર્ગિયતા આવવાનો લેશ પણ સંભવ નથી.

૩૫૪. કોઈ પણ વીરપુરૂષ જો તે ત્યાગી ન હોય તો પ્રખ્યાત થઇ શકે નહિં, કોઇ પણ કવિ જો તે ત્યાગી ન હોય તો તમને એક પણ કાવ્ય આપી શકે નહિં. મનુષ્યમાં જેટલી ત્યાગવૃત્તિ હોય તેટલોજ તે ઉત્તમ છે.

૩૫૫. પત્ની અથવા પતિની કામવાસના પૂર્ણ કરવી એ કાંઇ તેને ખરા સુખનો અનુભવ કરાવવા જેવું નથી, બીલકુલ નહિં.

૩૫૬. સ્નેહજ દુઃખનું મૂળ છે. તમે સ્નેહનો જે ઉપયોગ કરો છો, તેમાંજ કાંઇક ભૂલ હોય છે, કે જેથી કરીને શોકનાં ગાડેગાડાં તમને પ્રાપ્ત થાય છે.

૩૫૭. હરકોઈ મનુષ્ય આ સંસારમાંની અમુક વ્યક્તિ અથવા અન્ય પદાર્થ ઉપર મોહ રાખે છે તો પરિણામે તેને દુઃખ થશેજ.

૩૫૮. પત્ની, પતિનું ખરૂં શૂભ ઇચ્છવાનું અને પતિ પત્નીનું શૂભ વધારવાનું માથે લે નહિં ત્યાં સુધી ધર્મની ઉન્નતિ કદાપિ થઈ શકે નહિં. પોતાના પતિ અથવા પત્નીના

ચાહક થવાનું મુખ્ય કર્તવ્ય તેઓ દરેકને શિરે રહેલું છે. આ કર્તવ્ય બજાવવાને દરેક સ્ત્રી પુરૂષ બંધાયલાં છે.

૩૫૯. કુટુંબના ક્લેશ અને ઐક્યની ખામીનું કારણ માત્ર એકજ છે, તે એજ કે કુદરતના નિયમોનું અજ્ઞાન.

૩૬૦. વિકાશની ગતિ અને કુદરતનું કામ એ છે કે સર્વ મનુષ્યોએ પગથીએ પગથીએ ધીમે ધીમે ઉપર ચડવું જોઇએ, અને અન્તરાત્માના સાક્ષાત્કારની નજીક પહોંચવું જોઇએ. પ્રત્યેક મનુષ્યે પોતાના અંતરાત્માનો સાક્ષાત્કાર કરવો જોઇએ, અને સાક્ષાત્કાર કરીને પૂર્ણાત્મારૂપ, પૂર્ણ અનન્તતા રૂપ બનવું જોઇએ.

૩૬૧. કુદરતનું ધોરણ અને પરિણામ માત્ર મુક્તિજ છે.

૩૬૨. સ્ત્રી પુત્રાદિ ઉપર તમને ગમે તેટલો સ્નેહ હોય તો પણ તેમનાં શરીરોપર આધાર રાખશો નહિં, તમારાં હૃદય ત્યાંજ ચોંટાડશો નહિં. તમારૂં હૃદય તેમના અન્તરાત્મા ઉપરજ રહે, તેટલા માટે તેને તે આત્મામાં–પ્રભુમાંજ પરોવો. તમે પોતે આ પ્રમાણે વર્તો અને તમારાં સ્ત્રી-પુત્રાદિને પણ એજ પ્રમાણે વર્તાવો. આમ કરવાથીજ તેઓ તમારાથી સ્વતંત્ર થશે, અને તમે તેમનાથી સ્વતંત્ર થશો.

૩૬૩. જ્યારે તમે પોતાને અને દરેક વસ્તુને સાક્ષીરૂપે જુઓ છો ત્યારે એથી તમને આનંદજ થાય છે, અને જ્યારે તમે તેમાં આશક્ત થાઓ છો ત્યારેજ તે દુઃખનું કારણ થાય છે.

૩૬૪. તમે તમારા અંતરમાં રહેલી દિવ્યતાનો સાક્ષાત્કાર કરીને મુકત બનો, અને બીજાઓને તેવો સાક્ષાત્કાર કરવામાં સ્હાય કરો.

૩૬૫. અંતરાત્માનો સાક્ષાત્કાર સર્વ વિશ્વને તમારૂં દાસ બનાવે છે, દુનિઆના દરેક પદાર્થને તમારે અધીન કરે છે. તમને જણાશે કે વિજય અને સંપતિ તમારી શોધ કરે છે અને તમારે તેને શોધવાં પડશે નહિં.

૩૬૬. પોતાના પોતેજ નિરીક્ષક ન બનતાં બીજાના અભિપ્રાય પ્રમાણે પોતાની જાતનું કે પોતાના કામનું અવલોકન કરવાની ટેવજ સર્વ દુઃખનું કારણ છે.

૩૬૭. જો આપણે આપણું સ્વમાન સાચવીએ તો, પ્રત્યેક માણસ આપણો સત્કારજ કરે છે. તમારી જાતની જેટલી કિંમત આંકશો, એટલીજ કિંમત બીજા પણ ગણશે.

૩૬૮. બાહ્ય વસ્તુઓમાં શ્રદ્ધા રાખવાથી તમે નહિંજ તરો, તમારા પોતાના આત્મતત્ત્વમાં શ્રદ્ધા રાખવાથીજ તમારો ઉદ્ધાર થશે.

૩૬૯. મનુષ્ય પોતાની વાસનાઓને અધિન ન હોય તો તે કોઇનો અધિન નથી.

૩૭૦. તમારી પોતાની સ્વતંત્રતા અને મહત્તાને—અનુભવો. તમે પોતેજ દેવોના દેવ, ઈશ્વરોના પણ ઇશ્વર પરમાત્મા છો એમ સાક્ષાત્કાર કરો.

૩૭૧. જ્યાં સુધી મનુષ્યમાં અજ્ઞાન ભરેલું છે, કે જ્યાં સુધી એ આત્માનો સાક્ષાત્કાર નથી કરી શકતો, ત્યાં સુધી એને દુઃખ તો હંમેશાં રહેવાનુંજ.

૩૭૨. અંધારા ઓરડામાંનું ફરનીચર આમથી તેમ મૂકવાથી જેમ તે અંધારૂં મટી જતું નથી, તેવીજ રીતે સંસારના પદાર્થોને આમથી તેમ ફેરવવાથી, એટલે કે દ્રવ્ય એકઠું કરવાથી, મોટા મોટા મહેલો બાંધવાથી અને બીજાની માલ મિલ્કત પચાવી પાડવાથી અજ્ઞાનનો નાશ થતો નથી.

૩૭૩. જેમ અંધારી ઓરડીમાંથી અંધકારને દીપકનીજ જરૂર પડે છે, તેમ દુઃખદાયક અંતઃકરણરૂપી ઘરમાંથી અજ્ઞાન તિમિર દૂર કરવાને જ્ઞાનરૂપી પ્રકાશનેજ લાવવો જોઇએ.

૩૭૪. સર્વ પ્રકારની ચિંતા, દુઃખ, આધિ, ઉપાધિ એ બધું તમારા અંતઃકરણમાં ભરેલા અજ્ઞાનમાંજ છે. તમને કોઇ ગાળ ભાંડે કે તમારૂં અપમાન કરે, એને જો તમારા અંતઃકરણમાં સ્થાન આપો તોજ તમને તેથી દુઃખ ઉત્પન્ન થશે. તે બાહ્ય શબ્દોને, અપમાનોને હૃદયમાં નહિં ધારણ કરો તો તેની તમારા હૃદયપર જરાએ અસર નહિં થાય.

૩૭૫. ભેદભાવ દૃષ્ટિજ સર્વ પ્રકારની ચિંતા અશાંતિનું મૂળ છે એથી પર પહોંચો એટલે સત્ય તે સત્યસ્વરૂપમાં અનુભવાશે, અને સર્વ ભેદભાવ નાશ પામશે.

૩૭૬. માતૃહત્યા, સ્ત્રીહત્યા, મનુષ્યહત્યા આવી અનેક પ્રકારની હત્યાઓ ધર્મશાસ્ત્રમાં પ્રચલિત છે; પણ મનુષ્યમાં—અરે

પ્રત્યેક પ્રાણી પદાર્થમાં ઇશ્વર દર્શન ન કરવાથી તો તમે દેવહત્યા—ઇશ્વરહત્યા કરો છો.

૩૭૭. જે મનુષ્ય સતત ઈશ્વર સાક્ષાત્કારમાં નિમગ્ન રહે છે અને જે સર્વની સાથે એકતા અનુભવે છે તેજ સુખી છે.

૩૭૮. જો તમે તમારી ઇચ્છાઓને તૃપ્ત કરવા ધારતા હો તો તમારે એથી પર થવું જોઇએ.

૩૭૯. જ્યારે તમે કોઈ વસ્તુમાં આશક્તિ રાખો છો, એ પદાર્થમાં મોહ રાખી બેસો છો, ત્યારે કોઇ અદ્ભુત પ્રસંગદ્વારા, તમારી મોહની વસ્તુનો લોપ થઇ જાય છે, અને તેને બદલે તમારા ભાગ્યમાં તો શોક, ખેદ અને અધોગતિજ રહી જાય છે.

૩૮૦. જેઓ એકાદ દુઃખના અનુભવથી થોડા સમયમાંજ પોતાનો દોષ સુધારી લે છે, તેઓના મનની સ્થિતિ એવી ઉચ્ચ થાય છે, કે તેએ બહુ અલ્પ સમયમાં વિશેષ બળ પ્રાપ્ત કરી લે છે.

૩૮૧. ધર્મભાવનાની જાગૃતિ આપત્તિમાંથીજ ઉત્પન્ન થાય છે.

૩૮૨. આપણા અંતર્યામી આત્મરવિનો સાક્ષાત્કાર કરાવવો એજ આપત્તિ, ચિન્તા અને દુઃખનો મુખ્ય ઉદ્દેશ હોય છે.

૩૮૩. દુઃખોમાંથી એ સદ્બોધ લેવાનો છે કે જગતના પદાર્થોમાં જરાએ આશક્તિ ન રાખવી જોઇએ, અને તેને અસત્ય માનવા જોઈએ. વસ્તુની અંતર્ગત નિવાસ કરતા અંતર્યામી

આત્માનો-ઈશ્વરનો તમારે ઉચ્છેદ ન કરવો જોઇએ. નામ-રૂપને સત્ય માનીને ઇશ્વરનું વિસ્મરણ નજ કરવું જોઇએ.

૩૮૪. જગત એટલા માટેજ દુઃખી છે કે તે સત્યને સમજતું નથી.

૩૮૫. દુઃખ એ બહારના ટકોરા છે ને સુખ એ અંતરનો આશ્રય છે. સુખદુઃખના સંમેલનથીજ ચારિત્ર્ય ઘડાય છે. પ્રકૃતિનો નિયમ છે કે તમારે હરકોઈ રીતે ઈશ્વરનો સાક્ષાત્કાર કરવોજ પડશે, અને એ અનુભવ નહિં કરો ત્યાં સુધી ફટકા પર ફટકા ને લાત પર લાત પડયાજ કરવાની.

૩૮૬. પહેલાં તમારે તમારા માતાપિતા, પત્ની, બાળકો અને સ્નેહિઓ સાથે અભેદ અનુભવવો જોઇએ; ત્યાર પછી ધીમે ધીમે, તમારે સમગ્ર દેશ સાથે ને ત્યાર પછી સમસ્ત જગત અને વિશ્વ સાથે ઉત્તરોત્તર એકતા અનુભવતાં શીખવું જોઇએ.

૩૮૭. જ્યારે એક માણુસ માત્ર એકજ વાર કોઈ બીજા પુરૂષ સાથે અભેદ અનુભવે છે, અને પોતાના દેહને ભૂલી જઇ અન્યમાં વિન્યાસ પામે છે, ત્યારે તે સહજ સર્વની સાથે એકતા અનુભવી શકે છે.

૩૮૮. પત્ની પતિને કેવી રીતે સ્હાય કરી શકે ? જ્યારે પત્ની પોતાના પતિને ઇશ્વરજ સમજે છે, અને આવા પ્રકારના વિચારો અને આંદોલનોથી એને પોતાના પતિમાં ઈશ્વરત્વનું દર્શન થતું હોય છે, તો પછી શું એની માનસિક

શક્તિથી—એના સામર્થ્યથી પતિ સાક્ષાત પરમેશ્વર શા માટે ન થઇ જાય ?

૩૮૯. અભેદ દર્શનપર આધાર રાખતું લગ્ન અને પ્રેમ જગતમાં સૌથી વધુ સુખી છે. મુખારવિંદના સૌંદર્યપરના મોહને લીધે, ચહેરાની રમણિયતાના દર્શનને લીધે, રૂપ કે શારીરિક મોહનીના પ્રભાવને લીધે થએલા સ્નેહમાંથી ઉદ્દ્ભવેલાં લગ્નો અને એના સંબંધો પરિણામે વિનાશકારકજ નિવડે છે.

૩૯૦. જે લગ્નમાં મુખાકૃતિ કે શરીરના વર્ણનું સૌંદર્ય લક્ષમાં ન લેતાં કેવળ અંતર્ગત પ્રભુનું દર્શન પમાય છે, એ લગ્નજ આધ્યાત્મિક લગ્ન છે. એ લગ્નજ સત્ય એકીકરણ કરનારૂં લગ્ન છે, એ લગ્નથીજ આનંદ અને સુખ મળી શકે છે.

૩૯૧. એક બીજાની વાસનાઓ અને ઇચ્છાઓને તૃપ્ત કરવાથી પરસ્પર વ્યક્તિને સુખ થાય છે. એવી જે લોકોની માન્યતા છે એ તદ્દન અવાસ્તવિક છે. એથી તો તિરસ્કાર અને હૃદયભંગજ નીવડે છે.

૩૯૨. જો તમારે ખરેખર સુખી થવું હોય તો સ્વાર્થી જીવને ઉન્નત બનાવવો જોઇએ.

૩૯૩. પ્રત્યેકનો એ ધર્મ છે કે એણે પોતાની પત્નીને ધર્મશિક્ષણ આપવું. જે પુરૂષ પોતાની સ્ત્રીનો અધ્યાપક કે આચાર્ય નથી, અથવા જે સ્ત્રીદ્વારા એનો પતિ ઉચ્ચ શિક્ષણ પામી ઉન્નત નથી બનતો એ દમ્પતિ જીવનમાં સુખી થતાં નથી. એથી વિરૂદ્ધ વર્તન કરનારી સ્ત્રી પાપી છે, અને જે પુરૂષ

પોતાની સ્ત્રીને માટે પોતાના ગૃહને વિશ્વવિદ્યાલય નથી બનાવતો તે પણ પાપીજ છે. એક બીજાંને આજ સત્ય માર્ગ છે.

૩૯૪. તમારાં અંતઃકરણને શુદ્ધ કરો, જો તમે તમારી પ્રજામાં મિલ્ટન, શેકસપીયર, ખ્રીસ્ત જેવા મહાન પુરૂષો ઉત્પન્ન કરવા ચહાતા હો, જો તમે તમારી પ્રજાને તમારા કુટુંબની અને તમારા દેશની ઉદ્ધારક બનાવવા ઇચ્છતા હો, તો તેમને અધોગત ન બનાવો. તમે તમારાં પુત્ર કલત્ર સાથે એવું જીવન ગાળો કે જેથી તમે આ ક્ષુદ્ર સ્વાર્થી ભાવનાઓથી પર એવું જીવન ગાળી શકો. જે જીવન હંમેશાં તમને ઇશ્વરમાં મગ્ન રાખે, પ્રભુમાં તન્મય કરે, પરમાત્મમાં લીન કરે તેજ જીવન છે. પત્ની અને પતિ બંને જો પવિત્ર વિચારો, ઉત્તમ શક્તિ અને ઉદાર વૃત્તિઓનું સેવન કરે તો આવાં માતા–પિતાનાં સંતાનો ખ્રિસ્તજ બને. તમે ધારો તો અત્યારના જમાનામાં પણ ખ્રિસ્ત પેદા કરી શકો.

૩૯૫. પત્નીની પાસેથી શીખેલા પ્રેમને જે પત્નીની અંદર રહેલા આત્મામાં નથી સમર્પતો તે મનુષ્યને ધિક્કાર છે, એમ નહિં કરો તો તમે દુઃખી થશો. પતિ અને પત્ની બંન્નેએ સાથેજ ઉન્નત થવું જોઇએ અને જ્યારે પત્ની આપણને પ્રેમ કરતાં શીખવે છે, ત્યારે એ પ્રેમને પદાર્થમાંજ—શરીરમાંજ ન સમજી લેતાં સમસ્ત વિશ્વ, પ્રત્યેક પ્રાણી પદાર્થમાં એનું દર્શન પામતાં શીખવું જોઇએ.

૩૯૬. પાર્થિવ ઉપભોગમાં વાવેલા પ્રેમબીજમાંથી અધ્યાત્મિક ઉન્નતિ થતી નથી. પતિ અથવા પત્નીના શરીરમાં આરોપીત પ્રેમનો તો જમીનમાં વાવેલા બીજની પેઠે વિનાશ થાય છે.

૩૯૭. પતિનો ઉદ્દેશ દ્રવ્ય કમાવાનો કે કુટુંબના સંબંધીઓનો દુરૂપયોગ કરવાનો નહિ, પણ લગ્ન સંબંધને ઉન્નત કરવાનો હોવો જોઇએ.

૩૯૮. દ્રવ્ય તો માત્ર શિતોષ્ણથી બચવાનું, ક્ષુધા તૃષ્ણાને તૃપ્ત કરવાનું, અને નિર્વિઘ્ન રહી શકાય એવું એકાંત સ્થળ પ્રાપ્ત કરવાનું સાધનજ છે. હવે તમે તપાસી જુઓ કે શરીરનું રક્ષણ કરવા માટે ખાવાપીવામાં, ને પહેરવા ઓઢવામાં આપણને કેટલા દ્રવ્યની જરૂર છે.

૩૯૯. મનુષ્યોએ તો પોતાના મકાનોની ભવ્યતા અને રમણિયતા એજ એક જીવનનો આદર્શ માની લીધો છે, પહેરવા ઓઢવાનાં કપડાંનો પણ એવોજ હેતુ માન્યો છે, આહાર અને ખાનપાનના વિષયમાં પણ એવોજ મુખ્ય આશય સમજી બેઠાં છે. પણ વસ્તુતઃ તેમ નથી, આ બધા પદાર્થો ઇતિ કર્તવ્ય કે ઇષ્ટ પદાર્થો નથી પણ સાધ્ય, ઇષ્ટ પ્રાપ્ત કરવાનાં સાધનજ માત્ર છે.

૪૦૦. તમે ભલા અને મહાન થવાનો પ્રયત્ન કરો. ભવ્ય રમણિય પ્રાસાદો બાંધવામાં તમારી શક્તિઓનો દુરૂપયોગ ન કરશો. તમારાં ઘણાં મકાનો ભવ્ય અને સુંદર છે, પણ તેમાં વસનારાં મનુષ્યો મનુષ્ય તરીકે પામર અને નાનાં છે, હિંદુ-

સ્થાનમાં ઘણીએ મોટી કબરો છે પણ એથી શું થયું ? એમાં તો સડી ગયેલાં મુર્દા, કીડા અને સાપજ ભમતા હોય છે.

૪૦૧. જીવનનો આદર્શ અને ઉદ્દેશ દ્રવ્ય સંચય કરવામાં શક્તિનો દુરૂપયોગ કરવો એ નહિ પણ આંતરિક શક્તિઓનો વિકાસ કરવો, અને આત્મસાક્ષાત્કાર કરી મોક્ષ મેળવવો એજ છે.

૪૦૨. તમારો અતિથી આવીને પાછો જાય, ત્યારે તમારે ઘેરથી સુશીલ, સુસંસ્કૃત અને ઉન્નત થઈને જાય એમ કરો. એ આવ્યો હોય તેના કરતાં જાય ત્યારે વિશેષ ડાહ્યો બનીને જાય એવી યોજના કરો. તમારાં સ્વજનો પ્રતિ તમારો આજ ધર્મ છે. તમારો ગૃહસંસાર સુખી કરવાનો આજ માર્ગ છે. તમારો અતિથી શાણો બનીને જતો હોય તો ભોજન, શયન સંબંધી પરવા ન કરશો, ખાવાપિવાનાં પદાર્થો કરતાં તેને કંઇ ઉચ્ચ વસ્તુ પ્રાપ્ત કરાવો, એને જ્ઞાન અને ડહાપણ આપો, એને તમારા પ્રેમનો આસ્વાદ લેવા દેજો. મનુષ્યની દ્રવ્યથી સેવા કરવી એતો નજીવી સેવા છે, એતો પત્નીને દ્રવ્ય આપીને તેની સાથે છુટા છેડા કરવા જેવું છે, પણ પત્નીને દ્રવ્ય નહિં પણ પ્રેમની આવશ્યકતા છે. એક મનુષ્યને દ્રવ્યનીજ સહાય આપવી એતો પાપી બનવા જેવું છે. તેને પ્રેમ અને જ્ઞાન આપો, તેને પ્રકાશમાં લાવો, તેને ઉન્નત કરો આજ મહાન તથા ઉત્તમ સ્વાગત છે. તમારાં પુત્ર કલત્રમાં તમારે આવાજ પ્રેમનું પોષણ કરવું જોઈએ.

૪૦૩. જ્યારે આપણામાં કાંઈ પણ ઇચ્છા ન હોય, કોઇ પણ પદાર્થની આશક્તિ ન હોય, તો પછી આપણા આનંદમાં શાની ખોટ રહે?

૪૦૪. ઉદાસીન કે ખિન્ન થવાનો જ્યારે તમારાપર પ્રસંગ આવી પડે ત્યારે સર્વ આશક્તિ, સંબંધ, ઈચ્છા, ગરજ ને દૂર ફેંકી દેજો એથીજ તમે મુક્ત થઈ શકશો.

૪૦૫. જ્યારે સાક્ષાત્કારની તિવ્ર ઈચ્છા થાય છે, ત્યારે હઠયોગમાંથી તમને કાંઈ પણ લાભ થવાનો નથી. તમે યોગ્યદિશામાં પ્રયત્ન કરો એટલે સર્વ માર્ગ ખુલ્લો-સ્પષ્ટ થઇ જશે. શ્વાસના નિરોધ જેવા નિરર્થક વિષયમાં સમય ના ગાળો, આવો વિધિ જરા પણ હિતકારક નથી. પ્રાણનો નિરોધ એટલે મનનો સંયમ એમ અર્થ નથી થતો. એમાંથી તો કાંઇ પણ ફાયદો નથી થવાનો, આવો નિરર્થક માર્ગ ગ્રહણ કરીને કોઇએ પોતાનું મન એકાગ્ર કર્યુંજ નથી. માત્ર શ્વાસનોજ નિરોધ કરવાથી મન તાબે થશે એમ સમજવું એ ભૂલ છે, એ ખોટું તર્કશાસ્ત્ર (Logio) છે. માત્ર શ્વાસનો-પ્રાણનો નિરોધ કરવાથીજ મનનો નિરોધ થાય છે એમ માનીને તે પ્રમાણે કરવા ઘણાઓ પ્રયત્ન કરે છે. પરન્તુ મનનો નિરોધ કરો એટલે પ્રાણનો નિરોધ આપોઆપ થઇ જશે.

૪૦૬. ક્ષુદ્ર વાસનાને અધીન થઇ જવું એતો સ્વાભિમાન શૂન્યતાની નિશાની છે. આત્મવૈભવ અને વિજયશ્રીમાં આવો.

અહિક વાસનાને લીધે જ્યારે તમે ક્ષુદ્ર અને વ્યગ્ર થઇ જાઓ છો, ત્યારે પ્રણવગાન થઇ શકતું નથી એ નક્કી છે.

૪૦૭. જો કારણશરીરને ઈશ્વરત્વની ભાવનાથી ઉદ્દીપ્ત રાખીએ તો અવતારી પુરૂષ અથવા જગતનું કલ્યાણ કરનાર—ઉદ્ધારનાર બની શકાય. નિર્બળતા કે દાસભાવના સંસ્કારો જો એ કારણદેહપર પડ્યા હોય તો સ્થુળ, નિર્બળ અને દાસના કાર્યમાં ઉપયોગી થાય એવું બને છે. એકંદરે તાત્પર્ય એ છે કે મનુષ્યનું સંસ્કાર-રસાયન તેણે પોતેજ તૈયાર કરેલું હોય છે. મનુષ્યની સર્વ પરિસ્થિતિઓનું બીજ પોતાના કારણશરીરના સંસ્કારોમાં રહેલું છે અને તે ઉપરથીજ એની બધી પરિસ્થિતિ આધાર રાખે છે.

૪૦૮. આત્મા સદ્વસ્તુ છે, તેમજ નિત્ય સનાતન છે. તેમાં વસ્તુતઃ કોઇ પણ સમયે વિકારનો સંભવજ નથી.

૪૦૯. જગતની વસ્તુઓનું જ્ઞાન આપણી ઇંદ્રિયોના યોગથીજ થાય છે.

૪૧૦. આપણાં કાર્ય સિદ્ધ થાય ત્યાં સુધીજ આપણે તે શરીરોને વળગી રહીએ છીએ, કાર્યસિદ્ધિ પર્યંતજ આ શરીરોનું અસ્તિત્વ સાચવી રખાય છે, અને જ્યારે આપણા ઉદ્દિષ્ટ હેતુમાં તેનો ઉપયોગ નથી થતો, અને તે જીર્ણ શરીર તથા રોગગ્રસ્ત થઇ પડે છે, એટલે આપણે તેનો ત્યાગ કરીને નવુંજ શરીર ધારણ કરીએ છીએ.

૪૧૧. કોઇ વિશિષ્ટ આચરણના ક્રમમાં તમે સત્યની પાસે ને પાસે જતા જાઓ છો, ત્યારે તમારા વર્તનક્રમને 'પુણ્ય' કહેવાય

છે. અને તેથી ઉલટું કોઇ કૃત્યમાં તમે સત્યથી વિમુખ બનતા જતા હો, સત્યમાંથી ચ્યુત થતા હો ત્યારે તેવા કૃત્યને 'પાપ' કહેવાય છે.

૪૧૨. પશુકોટિમાંથી ઉત્ક્રાન્તિ પામીને જે લોકોએ હમણાંજ માનવ કોટિમાં જન્મ લીધો છે, એમનામાં પૂર્વની પશુ વૃત્તિ જાગૃત હોવીજ જોઇએ. એ સ્થિતિ સાતત્યના નિયમ પ્રમાણે સ્વાભાવિક છે. એક સરખી વહેતી નદીઓને જો આપણે દોષ દઈ શકીએ તોજ આ પશુવૃત્તિવાળા મનુષ્યને આપણે દોષ દેવો ઉચિત કહેવાય. એ પશુવૃત્તિવાળા મનુષ્યોને દુષ્ટ, પાપી કે તુચ્છ કહેવાનો આપણને જરાએ અધિકાર નથી. જેને આપણે દુર્વ્યસની અથવા મત્સરી કહીએ છીએ, તેનો તિરસ્કાર કરવાનું આપણને શું પ્રયોજન છે.? જેને આપણે પાપી તરીકે ઓળખીએ છીએ, વસ્તુતઃ તેઓ તેવા નથી, તેનાપર પ્રેમ કરવાનોજ માત્ર આપણને તો નિઃસંશય અધિકાર છે. "પાપીઓ પર પ્રેમ રાખો." એવું ઇસુખ્રિસ્તનું વચન છે. વેદાન્તમાં પણ એમજ કહ્યું છે. જેને આપણે પાપી સમજીએ છીએ તેનો તિરસ્કાર કરવાનો આપણને જરાએ અધિકાર નથી, કારણ તેઓ હમણાંજ પશુકોટિમાંથી આવ્યા છે, તેથી પશુના જેવી વૃત્તિ તેમના મનુષ્ય દેહમાં સહજ પ્રતીત થાય એ સ્વાભાવિક છે.

૪૧૩. પશુકોટિમાંથી મનુષ્યકોટિમાં આવેલા લોકોએ પોતાને

જીવંત પ્રાણી, જીવંત મનુષ્યો કહેવડાવવું હોય તો તેઓએ પોતાનામાં ચૈતન્ય–ઈશ્વરત્વ પ્રકટ કરવું જોઇએ. આધ્યાત્મિક પ્રેરણાના યોગથી, નવિન સદ્‌વાસનાના યોગથી પૂર્વના સ્થિતિ સાતત્ય–ક્રિયમાણ કર્મો નહિં જેવાં બનાવીને, જન્માંતરાગત પશુવૃત્તિઓને નિર્મૂળ કરીને સ્વાભાવિક પ્રવૃત્તિઓને નિયમીત બનાવીને પોતાની સર્વ તરફની ઉન્નતિ કરવી જોઇએ.

૪૧૪. આચાર–સ્વાતંત્ર્યનો અર્થ સ્વચ્છંદપણું કે ખ્યાલી ખુશાલી નથી, સ્વચ્છંદપણું એજ મનુષ્યના જીવનનું ખાસ ધ્યેય નથી. પશુવૃત્તિમાંજ રહેવા માટે મનુષ્ય નિઃસંશય જન્મેલ નથી.

૪૧૫. મનુષ્યનું જો કોઈ સાચું કર્તવ્ય હોય તો તે પોતાનું સાચું સ્વરૂપ પ્રકટ કરવું, સ્થિતિ સાતત્યને જીતી લઇ પશુવૃત્તિને દબાવી, વાસનાઓને નિર્મૂળ કરી પોતાનું ઇશ્વરત્વ ઓળખવું એજ કરવા યોગ્ય છે. અંતઃકરણમાંથી જે મનુષ્યવૃત્તિનું ઉચ્છેદન કરે છે તેજ સાચો મનુષ્ય છે.

૪૧૬. જીવનું પ્રયાણ પ્રગતિમાંજ છે, પરાગતિમાં નથી. વાસના પ્રમાણે જીવોને ગતિ પ્રાપ્ત થાય છે, અને તે યોનિમાં તે જન્મ લે છે એ સાચી વાત છે, પણ એનો અર્થ એમ નથી થતો કે જીવ એકવાર મનુષ્યયોનિમાં આવીને અશુભ વાસના કરે તો કુતરા કે ભુંડની યોનિમાં કાયમને માટે જઈ પડે છે. જીવની કાયમની પરાગતિ, અધોગતિ હોવી સંભવિતજ નથી, તેઓએ ઉન્નતિ પ્રતિ જવુંજ જોઈએ.

પ્રગતિ એજ જીવનની વાસ્તવિક ગતિ છે. એનો પ્રવૃત્તિનો પ્રવાહ પ્રગતિની દિશામાંજ વહે છે.

૪૧૭. શુદ્ધ વાસના એ અધ્યાત્મ સ્થિતિએ પહોંચવાનું ક્રિયમાણ છે. પૂર્વ જન્મની વાસનાને નિર્મૂળ કરી નાખવા માટે, વિષય-વાસના, માયાને નિર્મૂળ કરીને દિવ્ય સ્થિતિએ પહોંચવા માટે આ શુભ વાસના પરમેશ્વરની યોજનાને મનુષ્યના અંતઃકરણમાં ઉદિત થાય છે.

૪૧૮. આ જગતમાં શુભ, મંગળ અને કલ્યાણકારક જો કાંઇ હોય, તો તે દુઃખ, શોક અને કલેશ છે. જગતમાં દુઃખ, કલેશ ન હોય તો કોઈ પણ પ્રકારની પ્રગતિજ ન થાય. આ ત્રિવિધ તાપના તત્વપર ભાર મૂકીને વેદાંત એમ પ્રતિપાદન કરે છે કે જીવને અધોગતિ પ્રતિ જવાનો કશોયે ભય નથી. તમારી અધોગતિ થશે એવું સ્વપ્નમાં પણ મનમાં ન લાવશો. સંસારના નાનાવિધ દુઃખ તમને અધોગતિએ જવા દેશે નહિં.

૪૧૯. જે તમારાથી અધિક ઉન્નતિમાં હોય, અધિક પૂર્ણતાએ પહોંચ્યો હોય, તેના માટે મનમાં ઇર્ષ્યા ન કરશો. કારણ કોઈ દહાડો તમે પણ સ્વતઃ એ સ્થિતિએ જઈ પહોંચશો.

૪૨૦. પ્રત્યેક મનુષ્યે સર્વ પ્રતિ પ્રેમ રાખવો જોઇએ. કોઇને પણ નીચ સમજીને તેની અવગણના કે તિરસ્કાર કરવો એ મૂર્ખતા છે.

૪૨૧. આપણાં માતાપિતાની પસંદગી આપણેજ કરીએ છીએ, કેવાં માતાપિતાને પેટે જન્મ લેવો એ આપણાં કર્મથીજ નિશ્ચીત થાય છે.

૪૨૨. મનુષ્યના આજના કૃત્યપરથી તે કાલે કેવો થશે, એ સંબંધે અનુમાન ન બાંધશો. આજ જેને આપણે પાપી, ગુન્હેગાર સમજીએ છીએ, એજ કદાચિત આવતી કાલે સમશેર બહાદૂર થઇ જશે, અથવા તો આખું જગતને પોતાની પવિત્રતાથી પુનીત કરનાર સત્પુરૂષ થઇ જશે.

૪૨૩. કોઇ પણ મનુષ્યમાં દોષ માલૂમ પડે, તે ઉપદેશ કરતો હોય તેવું એનું આચરણ ન થાય, એના બોલવામાં અને આચરણમાં તમને વિરોધ લાગતો હોય તો તેમાં તમે લક્ષ ન આપશો એમ રામનું કહેવું છે. ઉપદેશકની કહેલી વાતમાંજ લક્ષ રાખશો, એ ઉપદેશનો જ મનમાં વિચાર કરો અને અંતઃકરણમાં અનુભવ કરો. એનો ઉપદેશ કાયા, વાચા, મનવડે કરીને આચરણમાં લાવવાનો પ્રયત્ન કરો, અને એમ કરશો એટલે તમારી દિવસે દિવસે અધિકાધિક ઉન્નતિ થતી જશે.

૪૨૪. તમારા પોતાનામાં યોગ્યતા લાવો એટલે બીજાની મદદની અપેક્ષા રાખવાની તમને જરૂરજ નહિં રહે.

૪૨૫. તમે તમારી મોક્ષપ્રાપ્તિની ચિંતામાં વળગી રહો, અને સમાજનું ગમે તે થાય એમ કહીને તેનો વિચાર માત્ર પણ ન કરશો તો ડૂબતો સમાજ તમને એકલાને કદિ

નહિં તરી જવા દે. જો સમાજ ડૂબતો   તો તમારે પણ સાથે ડૂબવું જ પડશે, જો સમાજ ઉન્નતિ કરતો હશે, તો તમારી પણ અવશ્ય ઉન્નતિજ   ની.

૪૨૬. ઓ ભારતના ભવિષ્યના નવયુવકો ! હિંદુ નો ભવિષ્ય કાળ એ તમારોજ ભવિષ્કાળ છે અને જ તેને માટે જવાબદાર છો. બહુ જાતના જાદુમાં બાય લોકોજ ફસી પડે છે. સત્યથી ભરેલ ચૈતન્યવાન મનુ તો લોકોના વિચાર અને અંતઃકરણપર સામ્રાજ્ય ભે વે છે. ભલે ! પછી નામ માત્રનો બાહ્ય રાજા ગમે તે હાય, બી. એ. કે એમ. એ. ની પદવી તમને વિશ્વવિદ્યા માંથી મળે છે, પણ કાપુરૂષ કે વીરનરની પદવી તો તમા પોતેજ પસંદ કરી લેવી જોઇશે. કહો તમને કઇ પદ પસંદ છે ? જીવનના નીચ દાસત્વની કે જીવનના સુ જની ?

૪૨૭. સેંકડો વર્ષથી આપણા દેશમાં અવાસ્તવિક દ્વેષભાવ અને શૂન્યભાવને લીધે બહુ અનિષ્ટ થાય છે   તેનું મુખ્ય કારણ રૂઢિનાં બંધનો, વાડાઓ અને વ્હેમ જ છે. હે વિચારશીલ અને સુચરિત્રવાન યુવકો ! ચૈનન્યમ શક્તિ બનીને હાનિકારક રીતિરિવાજોને દૂર કરવાનું કા તમારૂં છે.

૪૨૮. શું તમારાં શુદ્ધ આચરણને લીધે સમાજમાં કલહ અને દ્વેષ ઉત્પન્ન થવો સંભવિત છે ? શું તમારા એવા વિચાર છે ? તમે એકલા હો તો પણ ધૈર્યથી ઉભા રહો, પાછળ કદિ પણ ન હઠો એનું નામજ પુરૂષાર્થ છે. શું અસત્યથી

તમે રાષ્ટ્રનો ઉદ્ધાર કરી શકશો ? શું લોકોને અંધકારમાં રાખીને તમે તેમનામાં એકતા ઉત્પન્ન કરી શકો તેમ છો? શું ભુલ અને ખોટા વિશ્વાસથી રાષ્ટ્રીય એકતા થઇ શકશે? હે રાષ્ટ્રની એકતાની આકાંક્ષા રાખનારાઓ! તમારૂં પ્રથમ કર્તવ્ય એ છે કે રાષ્ટ્રમાં જે અસંખ્ય, અમાનુષીક પ્રથાઓ છે, તેને દૂર કરો.

૪૨૯. જો મનુષ્ય જાતિને માટે અને એની ઉન્નતિને માટે લોકોને કષ્ટ સહન કરવું પડતું હોય, અથવા તો કાર્યકર્તાઓને દંડ કે શિક્ષા સહન કરવી પડતી હોય તો તેથી એ સિદ્ધાન્ત નીકળી આવે છે, કે દેશમાં આત્મિક જીવન ઉપસ્થિત છે અને એના સ્વાસ્થ્યને માટે બહુ સારી રીતે શ્વાસોચ્છવાસ લેવાય છે.

૪૩૦. ન્હાના વિચારવાળા મહાન પુરૂષોથી નહિં, પણ મહાન વિચારવાળા ન્હાના પુરૂષોથીજ દેશનું કલ્યાણ સધાય છે.

૪૩૧. જ્યારે લોકોમાં અંધકાર ફેલાયો હોય, ત્યારે આપણા પ્રકાશને એક પત્થરની નીચે છુપાવી રાખવો એતો મહાપાપ છે.

૪૩૨. જે પોતાનાં વાકયોથી બીજાને સ્હાય કરી શકતો હોય, પણ કાર્યને સમયે ચૂપ રહેતો હોય, તે મનુષ્ય રણસંગ્રામમાંથી નાશી જનાર બાયલા સિપાહીના જેટલોજ પાપી છે.

૪૩૩. જ્યાં સુધી લોકસંખ્યાના પ્રશ્નનો નિવેડો લાવવામાં નહિ આવે ત્યાં સુધી રાષ્ટ્રિય ઐકય અને પરસ્પર પ્રેમભાવની વાત હવાઇ કિલ્લા જેવી છે.

૪૩૪. દેશમાં અયોગ્ય, કર્તવ્યહીન, નિરૂપયોગી અને પરોપજીવી પ્રાણી ઉત્પન્ન કરવા માટે જે નિર્ધનોના નિર્વાહ કરવામાં આવે છે, એના અધાર્મિક સંસ્કારોની દુર્ગંધી સામે કોઇ પણ પુણ્ય પોતાનું માધુર્ય સદા ટકાવી રાખે તેમ નથી.

૪૩૫. શું બાળલગ્ન અને બાળવૈધવ્ય સંસારમાં સર્વથી વિશેષ સૃષ્ટિ વિરૂદ્ધ કાર્ય નથી ? પૃથ્વીપરના કોઇ પણ સુધરેલા સમાજને પૂછી જુઓ, તમારામાં જો થોડું પણ મનુષ્યત્વ રહ્યું હોય તો અમાનુષિક અને સૃષ્ટિ વિરૂદ્ધ સંસ્થાઓ, રીતીરિવાજોને દૂર કર્યા વિના કેવી રીતે સ્વસ્થપણે બેસી શકો છો ? વિધવા અબળાઓ સ્હાયતાને માટે પોતાના કોમળ હાથ તમારી પાસે ધરે છે! તમારી આંખો સામે પ્રત્યક્ષ રૂઢીરૂપી ચિતાપર જીવન્તસતી ક્રમશઃ બળી મરે છે! એનાં નિષ્પાપ અશ્રપૂર્ણ નેત્રોમાં ઈશ્વરી તેજ ઝળકે છે! અને સ્હાયતાની આશા રાખીને તમારા તરફ એ નેત્રો ટગટગી રહ્યાં છે. આ રૂદન કરતી ભવાનીથી ક્યાં સુધી નાશભાગ કરશો ? હજુ પણ તમે એની વાતોમાં લક્ષ નહિં આપો તો એ રક્તભક્ષિણી ઉગ્ર ચંડિકાનું રૂપ ધારણ કરશે કે જેની સામે પૃથ્વી ડોલતી ડોલતી કંપવા લાગશે.

૪૩૬. પવિત્રતા! પવિત્રતા! તલવારના ઘા ખાઇને તમારે પવિત્રતા પ્રાપ્ત કરવી પડશે. તમે પવિત્રતા નહિં મેળવો તો ક્રુર વિનાશચક્ર–સુદર્શનચક્ર તમારો સંહાર કરી નાખશે. અત્યારે તમારી આશા કેવળ પવિત્રતાનાપરજ આધાર રાખે છે.

૪૩૭. ઓ ભારતવાસીઓ ! તમારે જો જીવન્ત રહેવું હોય તો તમારે તમારૂં આચરણ અને મન સ્વચ્છ અને પવિત્ર રાખવુંજ પડશે; આમાં જો ત ન્યુનતા રાખશો તો તમારે માટે જીવતાં રહેવું દુર્લભ થઈ પડશે.

૪૩૮. આપણા જનસમુહનું અજ્ઞાન અને આપણી સ્ત્રીઓના ભયંકર અંધકારનો સંપૂર્ણ વાંક આપણો પોતાનોજ છે. જે વીર્યશક્તિને હમણાં તમે દેશમાં કુરકુરીઆં વધારવાનાં, મહા નિચ કાર્ય કરવામાં અને તેમ કરીને દેશને હજીએ છેક રસાતળમાં પહોંચાડી દેવાનું કાર્ય કરવામાં વૃથા ગુમાવી રહ્યા છો, તેનો સદુપયોગ કરીને સ્ત્રીઓની ઉન્નતિ કરો, સામાન્ય વર્ગને કેળવણી આપો, પોતાની ઉન્નતિ સાધો અને રાષ્ટ્રનો ઉદ્ધાર કરો. એ કાર્યને ફળીભુત કરવાનો અત્યંત સુલભ અને સરળ માર્ગ એ છે, કે વર્તમાન દેશી પત્રોની દશા સુધારવી, સ્ત્રીઓ અને સામાન્ય વર્ગ સમજી શકે એવી ભાષામાં ઉપકારી પત્રો કાઢવાં અને એવાં જે પત્રો હોય તેની ઉન્નતિ કરવી.

૪૩૯. શું તમને તમારી પાડોશની ઢેડ–ભંગીયણોને ભણાવતાં શરમ કે ડર આવે છે ? શરમ આવતી હોય તો તમારી રીતભાત અને નીતિને ધિક્કાર છે ! બિચારી ધનહિન અને અશિક્ષિત સ્ત્રીઓને માતૃવત પ્રેમથી મળો અને તેઓને શિક્ષારૂપી પ્રકાશનું દાન કરો.

૪૪૦. પોતાના હૃદયમાં શ્રદ્ધારૂપી અગ્નિ અને જ્ઞાનનો દિવ્યજ્યોતિ પ્રજ્વલિત કર્યા વિના તમે કાંઈ પણ કરી શકશો નહિં.

૪૪૧. ધુરંધરોને જે યશ અને સફળતા પ્રાપ્ત થયાં છે, એનું મૂળ કારણ ધાર્મિક વૃત્તિજ માલુમ પડે છે.

૪૪૨. જે ધર્મ પોતાના આધારપર—અનુભવપરજ અવલંબન રાખે છે તેજ સત્ય ધર્મ છે.

૪૪૩. કોનફ્યુશીઅસ, ઝોરેસ્ટર અને કૃષ્ણ વગેરેના ઉપદેશો અપાઈ ચૂક્યા છે, છતાં પણ જગત તો પાપથી ભરેલું છે.

૪૪૪. જે હિંદુસ્થાને કામધેનુની પેઠે સમસ્ત જગતને પૌષ્ટિક દૂધ—જાગ્રતિપ્રેરક જ્ઞાન આપ્યું છે, એ ધેનુજ અત્યારે વ્યાધિ પીડિત છે, એ ધેનુની અત્યારે સેવા કરવી જોઇએ, એનો રોગ દૂર કરવો જોઈએ. એ ગાય અત્યારે ક્ષુધા, તૃષાથી પિડાય છે, રિબાય છે, અનેક સંકટોથી ઘેરાઇ પડી છે. એની પાસેથી ઉત્તમ પ્રકારનું દૂધ લીધા કર્યું છે, હવે એને ઘાસ આપો, એના ટકી રહેલા જર્જરિત દેહને નિરોગ બનાવી એને પ્રાણ આપો. ઓ ઇંગ્લાંડ અને અમેરિકા! જો એને જીવાડવી હોય તો તમારે એની પૂરેપૂરી સંભાળ લેવી જોઇએ.

૪૪૫. કદાચિત એમ માનો કે હિંદુસ્થાન બહુ ખરાબ છે, હિંદુસ્થાનનું જગતપર જરાએ ઋણ નથી. આજકાલના હિંદુઓ સમસ્ત જગતમાં અતિ દુષ્ટ લોકો છે, તો પણ તમારે હિંદુસ્થાન માટે ઉલટું વિશેષ લક્ષ આપવું જોઈએ, એના

પ્રતિ ધ્યાન આપવાને માટે તો એથી ઉલટાં વિશેષ સબળ કારણો મળી આવે છે.

૪૪૬. એક માંદો માણુસ કેવળ પોતાની જાતનેજ નુકશાન કરીને ન બેસી રહેતાં, પરિચયમાં આવનારા સર્વને હાનિ પહોંચાડે છે, એક માણુસને સળેખમ થયો હોય એનો ચેપ બધાને ચ્હોંટે છે. હિંદુસ્થાનને અત્યારે શરદી થઇ ગઈ છે. એ ગરમ પ્રદેશને શરદી શાથી લાગી એવો પ્રશ્ન તમારા હૃદયમાં ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. પણ બન્ધુઓ! એ શરદી શિયાળાની શરદી નથી, પણ ગરીબાઇની, ભૂખમરાની, નિર્ધનતાની શરદી છે. હિન્દુસ્થાન એ જાતની શરદીથી ધ્રુજી રહ્યું છે. ભલા ભાઇઓ! એતો સ્પષ્ટ છે, કે જો એક માણુસને શરદી લાગી હોય તો તેના પાડોશીને પણ તેની અસર થાય છે, એક માણુસને કોલેરા થાય છે એટલે એના જંતુઓ બીજા અનેકને લાગે છે, એકને શીતળા નીકળ્યા એટલે તેની સાથે બીજાં અનેક વ્યાધિમાં સપડાઈ પડવાનાં, એટલા માટે પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે, કે પોતાને માટે નહિં તો સમસ્ત જગતને માટે પણ બિમાર માણુસની માવજત કરવી જોઇએ. એને એ વ્યાધિથી રિબાવા દેશો એટલે પરિણામ એ આવશે, કે સમસ્ત જગત એ વ્યાધિથી ઘેરાઈ જશે, માટે સમસ્ત જગતની ખાતર, રામ તમને હિંદુસ્થાનનો પ્રશ્ન ઉપાડી લેવાનું કહે છે. સત્ય અને

ન્યાયની ખાતર રામ તમને વિનંતિ કરે છે, કે તમે હિંદુસ્થાનના હિત માટે તૈયાર થાઓ.

૪૪૭. જેમ દરેક મનુષ્ય પોતાની બિમારી માટે પોતેજ જવાબદાર છે, પોતાના અજ્ઞાનને લીધેજ એ બિમાર પડે છે, આરોગ્યશાસ્ત્રના નિયમનું ઉલ્લંઘન કરીને કે નિયમ કરતાં વિશેષ આહાર ખાઈનેજ માંદા પડે છે, તેવીજ રીતે હિંદુસ્થાનના લોકો પણ પોતાના ભૂતકાળના કર્મને લીધેજ એ અજ્ઞાનને લીધેજ અત્યારની વ્યાધિથી પિડાય છે.

૪૪૮. જે લોકો પોતાનો બાળપણનો સમય કેળવણી લેવામાં નથી ગાળતા, તેઓને યુવાવસ્થામાં શારીરિક શ્રમ, મજૂરી કરીનેજ નિર્વાહ ચલાવવો પડે છે અને પછી પસ્તાય છે. પોતાના પહેલાંના આળસને માટે તે કપાળનો પ્રસ્વેદ રેડી શ્રમનો બદલો ભરી આપે છે.

૪૪૯. જે સમાજ પોતાના ઉતરતા વર્ગની ઉન્નતિમાં અવરોધ કરી તેમની પ્રગતિ રોકી પાડે છે, જે સમાજ એ વર્ગ પ્રતિ અયોગ્ય વર્તણુંક ચલાવી એ ગરીબ અનભિજ્ઞ પાપીઓને શિક્ષણ આપવાની ના કહે છે, તે સમાજ પોતેજ પોતાના પગપર કુહાડા મારે છે અને પોતેજ પોતાનો પાયો તોડી નાખે છે. એ સમાજ પાયમાલ થઇ જવોજ જોઇએ.

૪૫૦. જે પ્રજાની સંખ્યાના પોણા ભાગ કરતાં પણ વિશેષ લોક હુન્નર ઉદ્યોગ તરફ, બેદરકાર રહે, એવા ઉચ્ચ કાર્યને ધિક્કારે

અને રૂઢી રિવાજની રહેણી કરણી અને પ્રાચીન અંધશ્રદ્ધાની પ્રણાલિકાને શબવત વળગી રહે એ પ્રજાની ઉન્નતિની કેવી રીતે આશા રાખવી ?

૪૫૧. હિંદુસ્થાનમાં સ્ત્રીઓની સંખ્યા ૧૫૦૦૦૦૦૦૦ છે અને એમાંથી એક ટકાની સંખ્યા ભાગ્યેજ કેળવણી પામેલી છે. આવા દુષ્ટ વહેમો અને ભીરૂતાભરી વર્તણુંકથી તેમની પ્રજામાં શું સત્ય રહ્યું હોય ?

૪૫૨. જો હિંદુસ્થાનનો તમારે ઉદ્ધાર કરવો હોય તો તમારે એને કોઇ એવો પદાર્થ આપવો જોઇએ કે જેનાથી એનું અંતરનું જીવન સમર્થ થાય, જેનાથી એને શક્તિ પ્રાપ્ત થાય, એની આંતરિક પ્રકૃતિને સ્ફુર્તિ મળે.

૪૫૩. રમ્ય ભવનો અને ભવ્ય પ્રાસાદોમાં પડી રહેનારા લોકોજ કાંઇ સુખી હોતા નથી.

૪૫૪. પરમેશ્વર પ્રીત્યર્થે કાર્ય કરવાની જાગ્રતિ ઉદ્ભુત થવાથીજ દેશનો અભ્યુદય થાય છે.

૫૫૫. હિંદુસ્થાન માટે કોઈ પણ કાર્ય કરવાની ઇચ્છા રાખો.

૪૫૬. લોકોપર હુકમ ગુજારતા મિશનરી જેવા લોકોની આવશ્યકતા નથી. હિંદુસ્થાનની ઉન્નતિ કે મુક્તિ એવા લોકોથી કદી પણ થવાની નથી. સત્યના પંથમાં આત્મભોગ આપનારા કર્મવીરો અને પારીઆ જેવી નીચ કોમની સાથે હળીમળીને જમીનપર સુઈ બેસીને કામ કરનાર, તેમના જેવીજ ચિથરે હાલ સ્થિતિમાં સંતોષ માનનારા, તેઓની સાથે ભૂખ-

મશમાં ભાગ લેનારા, સુકી રોટલી રોટલાના ટુકડામાં તૃપ્તિ માનનારા અને સર્વ મુશીબતોમાં સર્વદા ઉત્સાહભર્યે હૃદયે ઉભા રહેનારા શૂરવીરોની આવશ્યકતા છે.

૪૫૭. અંગત અનુભવપરથી એમ સિદ્ધ થાય છે કે આપણે કોઈ પણ મનુષ્યની ઉન્નતિ માટે પ્રયાસ કરીએ, અને એમાં એ મનુષ્યની ઉન્નતિ થાય કે ન થાય છતાં આપણી ઉન્નતિ તો અવશ્યમેવ થાય છેજ.

૪૫૮. તમારૂં કાર્ય એજ તમારો બદલો છે. તમારૂં કર્મ એજ કર્મનું ફળ છે. નિઃસ્વાર્થી કાર્યને લીધે ઇશ્વરપર જે ઋણ થાય છે, એ ઋણનો વ્યાજ સહિત બદલો આપે છે.

૪૫૯. કેળવણીનો ઉદ્દેશ સ્વતંત્રતા, સ્વાધિનતા સિવાય બીજો કશો હોનોજ નથી. કેળવણીથી જ સ્વતંત્રતા–સ્વાધિનતા (મોક્ષ) ન મળે તો એ કેળવણીને ધિક્કાર છે.

૪૬૦. ઓ પ્રેમમૂર્ત્તિઓ ! નિહાળો, દૃષ્ટિ ઉઘાડો હિંદુસ્થાન તમારાં ચરણ છે ને તમે શીર છો. એ ચરણની સંભાળ લ્યો. પગમાં પીડા થતી હશે, તો તમો પડી જશો. હિંદુઓનાં ભૂખ્યાં શરીરના રૂપમાં પ્રભુ પોતે તમારી સમક્ષ હાજર થાય છે, તેને ભોજન આપો. હિંદુઓનાં નવસ્ત્રાં શરીરના રૂપમાં પરમેશ્વર ઉઘાડો ઉભો છે તેને ઢાંકો, એ ભિખારીને ગરીબના વેષમાં ઈશ્વર પોતેજ કંગાળ બનીને વિનવે છે તેની સંભાળ લ્યો. એ લોકો એટલા માટેજ દુઃખથી પીડાય છે. તમને તમારાં પ્રેમધર્મ–પ્રતિ દાનસે-

વાના સદ્‌ગુણોની ખીલવવાની સદ્‌ભાગી તક મળે, તમારો ઉદ્ધાર થાય, તેટલા માટેજ તેઓનો અધઃપાત થયો છે. ઉચ્ચવૃત્તિઓ અને ઉદાત્ત પ્રયત્નોને કેળવવાનો આવો સદ્‌ભાગી પ્રસંગ પ્રાપ્ત થયો છે, તેટલા માટે જે ગૃહમાં તમે જન્મ્યા હો તેનો અતિશય આભાર માનજો. આ તકનો પ્રસન્ન ચિત્તથી ઉલ્લાસભર્યા વદનથી લાભ લ્યો અને હિંદુઓને બનતી સ્હાય કરો.

૪૬૧. પરમેશ્વરના ગુણ ભંડારમાં દયા અને શાન્તિ એ મહાન ગુણ છે. શાન્ત સ્વરૂપ બનવું એ બહુ મોટો સદ્‌ગુણ છે.

૪૬૨. એક દૃઢ નિશ્ચયના સમાન, સંસારમાં અન્ય કોઇ પદાર્થ નથી.

૪૬૩. મનુષ્ય કોઇ અનુચિત કાર્ય કરે તો તેનાં બે કારણ હોય છે. પહેલું મૂર્ખતા કે અજ્ઞાન; બીજું મનની અશુદ્ધિ.

૪૬૪. જે કાર્યમાં કોઈ મનુષ્ય નિત્ય પ્રવૃત રહે છે અને થોડો કાળ વિત્યા પછી એવી શક્તિ પ્રાપ્ત થાય છે, કે જેનાથી એ પોતાનાં કાર્ય સારી વાત વિના વિચારે પણ જાણી શકે છે.

૪૬૫. જ્યાં સુધી પરિશ્રમ ન કરે ત્યાં સુધી કોઇ પણ મનુષ્ય વિદ્યામાં નિપૂણ નથી થઈ શકતો. જે નિપૂણ જણાય છે એ અત્યંત પરિશ્રમ કરે છે ત્યારેજ નિપૂણ બને છે. જેને બુદ્ધિ કહીએ છીએ એ શક્તિ પણ પરિશ્રમથીજ વધે છે.

૪૬૬. આપ આપના વાસ્તવિક સ્વરૂપપ્રતિ ધ્યાન રાખવાનો પ્રયત્ન કર્યા કરશો, સંબંધીઓની લેશ માત્ર પણ ચિંતા ન

કરશો. સત્સંગ, ઉત્તમ પુસ્તકો અને એકાંત સેવનદ્વારા પોતાના સ્વરૂપમાં નિષ્ઠા થાય છે, અને પોતાના સ્વરૂપમાં નિષ્ઠા રહેવાથી સમસ્ત સંસાર દાસ બની જાય છે.

૪૬૭. જો આપણું પેટ નિરોગ હોયતો અત્યંત હર્ષ, પ્રસન્નતા, એકાગ્રતા, ઈશ્વિરસ્મરણ અને અંતઃકરણની શુદ્ધિ પ્રાપ્ત થાય છે. બુદ્ધિ અને સ્મરણશક્તિનું બળ અત્યંત અધિક તિવ્ર થાય છે.

૪૬૮. સંસારનો કોઇપણ પદાર્થ વિશ્વાસપાત્ર કે આશ્રય કરવા લાયક નથી. પરમેશ્વરની અત્યંત કૃપા તો એ લોકોપર છે, કે જેઓ પોતાનો આશ્રય અને વિશ્વાસ કેવળ પરમાત્મામાંજ રાખે છે અને હૃદયથી સાચા સાધુ છે એવા મહાનપુરૂષોના ચરણોમાં પરમેશ્વરની સમસ્ત સૃષ્ટિ સેવા કરેછે.

૪૬૯. સત્સંગ, ઉત્તમગ્રંથ અને ભજન કીર્તન (ઉપાસના) એ ત્રણ વસ્તુઓ ત્રિલોકના રાજા બનાવી દેછે અને કુસંગતો પરમેશ્વરને અમારાથી ગુસ્સે બનાવી દે છે. એકાન્ત સેવન અને અલ્પ આહારથી પરમાત્મા સ્વયં આવીને માણસનો સંગ સેવે છે.

૪૭૦. આ સંસારમાં કોઇ પણ પદાર્થ આપણો નથી આપણને જો સુખ જોઈતું હોય તો સંસારનાં કામ કરતી વખતે આ શરીરને કેવળ પરમાત્માનાં સમજીને આપણે વિચરવું જોઇએ અને કોઇની સાથે રાગદ્વેશ ન કરવો જોઇએ.

૪૭૧. અલ્પ તેમજ સત્વગુણી આહારથીજ ચિત્ત બહુ પ્રસન્ન રહે છે, ગરમ અને વિલંબથી પચે તેવી વસ્તુઓથી પ્રકૃતિ હંમેશાં ખરાબ રહે છે.

૪૭૨. અભ્યાસી અને શુદ્ધ અંતઃકરણવાળા પુરૂષોનો સમાગમ એ અતિશય ઉત્તમ કર્મોનું ફળ છે.

૪૭૩. ભકત પુરૂષો નિર્ધન તથા અન્ય સાધન રહિત અવસ્થામાં પણ બાદશાહી ભોગવે છે. દ્રવ્ય વિના પણ ભકિત બન્ને લોકો (લોક પરલોક)ના બાદશાહ બનાવે છે.

૪૭૪. પુસ્તકો ખરીદ કરવામાં કદિ પૈસા સામે ન જોવું જોઇએ, એનો અભ્યાસ કરવાથી જે લાભ મળે છે તે તરફ જોતાં પુસ્તકોની કિંમત ગમે તેટલી હોય તોપણ કાંઇ હિસાબમાં નથી, એવા પણ દિવસ હતા કે લોક નાનાં નાનાં પુસ્તકો લખાવવામાં સેંકડો રૂપિઆનો ખર્ચ કરતા હતા.

૪૭૫. કોઇપણ ભિખારી કે ભૂખ્યું નથી, સૌની ગાંઠમાં રત્ન (લાલ) ભર્યાં છે; કોઇ તેની ગાંઠ છોડવાનું જાણતો નથી, તેથી તે ભિખારી બન્યાં છે. સાત સાંધાવાળી ફકત એક લંગોટીજ પાસે હોય તેમાં પણ સાધુ પુરૂષ દુઃખ માનતો નથી.

૪૭૬. વ્યવહારકાળમાં હરતાં ફરતાં ને સઘળાં કામ કરતાં પણ જો આપણી વૃત્તિ બ્રહ્માકાર રહે અને ચિત્ત એ ઉચ્ચ અવસ્થામાંથી કદી પણ નીચે ન ઉતરે, તો આપણું જીવન ધન્ય છે નહિં તો મનુષ્ય જન્મ નિષ્ફળજ ગુમાવ્યો.

૪૭૭. ગ્રંથોના સત્સંગથી ધારણા બહુજ વધે છે, અને વાસ્તવિક આનંદ ધારણામાંજ છે. જેવી રીતે બીજ જમીનમાં દાબવાથી ઉગે છે, તેવી રીતે સ્ફુરણા અને સંકલ્પને રોકી રાખવાથી સંકલ્પ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

૪૭૮. આપણું પોતાનું જે સાચું અને અમૂલ્ય ધન છે તેનો ત્યાગ કરીને સંસારની ખોટી કોડીઓની પાછળ દોડવું એ આપણે માટે વ્યાજબી નથી અને એ કોડીઓ ન મળે તેથી શોક કરવો એ તો બહુજ ખરાબ છે. પોતાના વાસ્તવિક ધન અને સંપત્તિનો આનંદ એકવાર તો લઈ જુઓ.

૪૭૯. કુટસ્થ ચેતનમાં કે સાક્ષી ચેતનમાં સ્ફુરણા કે સંકલ્પનું નામ માત્ર પણ નથી, એમાંથી પતન પામી (એટલે કે ઉચ્ચ અવસ્થામાંથી નીચે ઉતરી)નેજ મનુષ્યના ચિત્તમાં પુરણાનો આભાસ થાય છે.

૪૮૦. સત્યને એ વાતની પરવા નથી હોતી કે એના અનુયાયીઓ અનેક થાય. સત્યજ મનુષ્યોનો વાસ્તવિક સ્નેહી, સંબંધી અને આત્મા છે. સત્યનું અવલંબન રાખીને સધર્મને પંથે ચાલશો તો તમારા શરીરનો વાળ પણ વાંકો થશે નહિં.

૪૮૧. વ્યાધિ, મૃત્યુ, ક્ષુધા કે આક્ષેપ કે ગમે તે હોય તેની પરવા વિના તમારા સ્વરૂપને સંપૂર્ણ સુખી અને વિશ્રાંત રાખો.

૪૮૨. તમારી પ્રભુતા કે જેને તમે નિત્ય અવલંબન રાખવાના છો, એને આધારે આનંદી અને શાંત બનો.

૪૮૩. જો તમે તમારા વાસ્તવિક આત્માનું સામ્રાજ્ય પ્રતિપાદન કરવા ઇચ્છતા હો તો આ સંસાર, તેનાં સહવાસીઓ, સંબંધીઓ અને સર્વને વિનાશ સમૂહ જાણો.

૪૮૪. ગમે તેનું નિરીક્ષણુ કરો, અવલોકન કરો કે પરીક્ષા કરો, પણુ તે તમારા સત્યસ્વરૂપ આત્માના દૃષ્ટિબિંદુથી કરો; એટલે કે તમારો આત્મા એ સર્વથી પર છે અને સર્વ ઇચ્છાથી રહિત છે. એનું નિરીક્ષણુ કરો.

૪૮૫. તમને કાંઇ પણુ જોઇતું નથી. કોઇપણુ વસ્તુ માટે તમારામાં શા માટે ઇચ્છા થવી જોઇએ ? સાર્વભૌમી શાસનકર્તાની કૃપાથી તમારૂં કાર્ય આનંદ, ચેષ્ટા માત્ર ક્રીડાને તમારે કોઇપણુ પદાર્થની આવશ્યકતા છે એવું કદિપણુ ન સમજો.

૪૮૬. શયન કરતા પહેલાં નેત્રો બંધ થવા માંડે તે પહેલાં મધ્યાન્હકાળે કે પ્રત્યેક રાત્રિએ તમે વેદાન્તના સત્યનું મૂર્ત સ્વરૂપ છો, એમ તમારા મનમાં દૃઢ ભાવના કરો.

૪૮૭. જાગ્રત થતાંજ બીજું કોઇપણુ કાર્ય હાથમાં લ્યો તે પહેલાં, શયન કરતાં પહેલાંનો નિશ્ચય તત્કાળ મનમાં તાજો કરો.

૪૮૮. જ્યારે લોકો પોતાની દૃષ્ટી પાર્થિવ વસ્તુપર રાખે છે, અને તેમાં વિઘ્નો આવે છે ત્યારે તેજ સમયે તેમને ચિત્તમાં ક્ષોભ અને હૃદયમાં મુંઝવણુ થાય છે.

૪૮૯ મહાત્માઓ પોતાના ચિત્તનો સમભાવ કદિ ગુમાવતા નથી.

૪૯૦. જ્યારે આપણે અસ્થિરતા, હલકાપણું અને મજાકને આધિન થઇ જઈએ છીએ ત્યારે કુદરતના અદૃશ્ય કાનુનનો પ્રતિધ્વનિ કે જે આપણને નીચે ઉતારી પાડે છે, તેનાથી ઘણું સહન કરવું પડે છે. પ્રજ્ઞપુરૂષ હંમેશાં પોતાના હૃદયને કેન્દ્રસ્થિત રાખે છે અને એક પરમ સત્તામાંજ નિષ્ઠાવાન રહે છે. જગતના પદાર્થો તરફ તો તે નિઃસ્વાર્થી શાન્ત, નિસ્પૃહ અને ઉદાર રાજાધિરાજ સંન્યાસીના સ્વાત્મનિષ્ઠ સ્વભાવથીજ જુએ છે.

૪૯૧. સ્પર્ધા અને વિરોધ વિના વિકાશ કે પ્રગતિ થવા અસંભવિત છે.

૪૯૨. જ્યાં જ્યાં ભક્તિભાવના, દૈવીપ્રેમ, દયા અથવા આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થાય ત્યાં ત્યાંથી તેનો સ્વિકાર કરજો, તેનો આસ્વાદ લેજો, પણ કોઇની ઇર્ષાને ગ્રહણ કરવાનો પ્રસંગ કહિએ પ્રાપ્ત થવા દેશો નહિં, તેઓની ખામીઓ અથવા નબળાઇ તરફ ન જોશો.

૪૯૩. તમે કોણ છો ? પતિતોનો ઉદ્ધાર કરવા માટે નીકળી પડનાર તમે કોણ છો ? તમે તમારો પોતાનોજ ઉદ્ધાર કર્યો છે ? તમે જાણો છો કે " જે પોતાની જીંદગી બચાવે છે તેજ તેને ગુમાવે છે " ત્યારે તમે પણ શું એક પતિત છો ? તમે શું એક પતિત થઇ શકશો ! ત્યારે તો ઉઠો, જાગ્રત થાઓ અને ઉદ્ધારક બનો. પાપી બનીને પાપીની

સાથે તમારી એકતા અનુભવો અને ત્યારેજ તમે તેનો ઉદ્ધાર કરી શકશો.

૪૯૪. વસ્તુઓની હંમેશાં ઉજળી તરફ દૃષ્ટિ રાખજો, ગુલાબનું ફુલ કાંટા વગરનું હોતુંજ નથી.

૪૯૫. તમારા અંતર્યામીના આદેશ પ્રમાણે અનુસરવામાં બીજા કોઇના આદેશનો ભંગ નહિ થાય, આપણે કોઇના દેવાદાર નથી, આપણું કામ તો પ્રભુ પ્રીતિનુંજ હોવું જોઇએ. નિરંતર સુખી અને સહૃદય રહેવું એજ આપણો મુદ્રાલેખ હોવો જોઇએ.

૪૯૬. જ્યારે આપણે કોઇ પુરૂષને અધોગતિમાં સ્હાય આપીએ છીએ, ત્યારે આપણે પણ તેની સાથેજ અધોગત થઇએ છીએ.

૪૯૭. તમારા મિત્રનું તમને કાંઇ અનુચિત ભાસે, તોએ તરતજ ભૂલી જાઓ, તમને કોઇ પુરૂષનું કાંઈ પણ અદ્દભૂત લાગે તો તે તરતજ તેને કહો.

૪૯૮. અજાણ્યા પ્રદેશમાં ખુણે ખોચરે કરેલું, યશ, નામકીર્ત્તિના લોભ વિના કરેલું ગુપ્ત શાંત કાર્ય પણ સમસ્ત માનવ જાતિને આકર્ષે એવાં પ્રસિદ્ધ કાર્યના જેટલુંજ ઉપયોગી અને ઉદાર છે.

૪૯૯. જ્યારે આપણે ખુરશીનો એક પાયો ખસેડીએ ત્યારે તેમ કરતાં શું આખી ખુરશી ખસતી નથી ? એવીજ રીતે જ્યારે આપણે એક જીવનને ઉધ્ધારીએ છીએ ત્યારે તેની દ્વારા આખી દુનિઆને ઉધ્ધારીએ છીએ.

૫૦૦. પોતપોતાનાજ ક્ષેત્રમાં પોતાની સઘળી શક્તિઓનો સંપૂર્ણ વ્યય કરનાર મહત જીવન પ્રાપ્ત કરી શકે છે.

૫૦૧. જ્યારે ભક્તિ અને દૈવી જ્ઞાનનો આનંદી પ્રકાશ સ્વતંત્ર વિકશીત થાય છે, ત્યારે નાનામાં નાનાં કાર્યો પણ સ્વતઃ સિધ્ધ થવા માંડે છે.

૫૦૨. દૃઢ નિશ્ચયની પાસે તમામ વિઘ્નોને નાશી જવું પડે છે.

૫૦૩. અરે સંસારી મનુષ્યો ! યાદ રાખજો કે તરૂણ યુવતીઓની કપોલની આરક્ત છટામાં અથવા તમારા દિવ્યરત્નો અને સુંદર આભૂષણોમાં, કે તમારા મ્હોટા મ્હોટા મ્હેલોમાં, સુમેરૂની કલ્પનાતિત રમણિયતા અને મોહકતાનો યત્કિંચીત પણ અંશ નહિં પ્રાપ્ત થાય. અને જ્યારે તમે આત્મરૂપનો અનુભવ કરી લેશો, ત્યારે આવા આવા અસંખ્ય સુમેરૂનું તમારા આત્મામાં દર્શન પામશો. સંપૂર્ણ સૃષ્ટિ તમારી સેવા કરશે, મેઘથી તે સાધારણ કણ પર્યંત, સ્યામવર્ણ આકાશથી તે નીલવર્ણો પત્થર પર્યંત, અને ગરૂડથી લઇને છછુંદર પર્યંત, જેટલા જીવ સંસારમાં છે એ બધા તમારી આજ્ઞાપાલન કરવા તત્પર રહેશે, કોઈ દેવતા પણ તમારી આજ્ઞાનું ઉલ્લંઘન નહિં કરી શકે.

૫૦૪. એવું કોઇ પણ વિષયભોગ રૂપી ગુલાબ નથી કે જેમાં દુઃખરૂપી મધમાખી ભરાઈ બેઠી ન હોય.

સમાપ્ત.

ઉત્તેજના.×

થાય છે વ્યર્થ હતાશ! મનુ તું થાય છે વ્યર્થ હતાશ.
પૂર્ણ સદા કરે છે કૃષ્ણ, ઉદ્યોગીની આશ! (ટેક)
જાગી ઉઠી લાગ ઉન્નતિમાં, કરીને દૃઢ વિશ્વાસ;
જગાડી રહ્યો તને કહીને, શાસ્ત્રોનો અભ્યાસ.
મન પોતાનું વશ કરી લે, છોડી હાસ વિલાસ;
સાચો કર્મવીર બનીને, કરી દે યશ પ્રકાશ.
બન્યો રહેશે જ્યાં સુધી વા'લા, સ્વાર્થનો તું દાસ;
ત્યાં સુધી થાશે નહિં કદિ પણ, દુરાવસ્થાનો નાશ.
શીખ હવે ઉપયોગ સમયનો, ક્ષણ તે જાણે માસ;
સ્વયં તારૂં થઇ આવશે, સુખ ગૌરવ દાસ.
કરતો જાતું ધીરે ધીરે, ઉન્નતિ જોઇ સુયોગ;
'ચમન' વિઘ્નથી નવ બી'તાં તું, કરી લે સતત ઉદ્યોગ.

× હીંદી પરથી સુધારા વધારા સાથે.

વાકય રત્ન.

ચારિત્રની એક મુઠી જ્ઞાનના હજારો મણ કરતાં વધારે છે.

સ્ત્રી જાતિની ઉન્નતિપર પ્રજાની ઉન્નતિ આધાર રાખે છે.

આપણી સંપત્તિનો આધાર આપણી કમાવાની શકિત પર નથી, પણ આપણી ત્યજવાની શકિતપર છે.

તમારા પોતાના કૃત્ય સિવાય બીજા કશાથી તમારી આબરૂને ખરી રીતે ધોકો લાગશે નહિ.

સ્વાર્થમય જીવન ગાળવું એનું નામજ પશુતા, પરાર્થમય જીવન ગાળવું એનું નામ મનુષ્યત્વ.

વિચારકો કરતાં કાર્યવાહકોની હિંદને ઘણી જરૂર છે.

પીવાના પ્યાલાને મોઢે માડતાં પહેલાં ધોજો.

શાળાઓનો વખત સવાર સાંજનો કયારે સાંભળીશું

મહાત્માઓનાં જીવન ચરિત્રો એજ ખરો ઇતિહાસ છે.

મિત્રોની પસંદગી એ યુવાવસ્થાની ખરી કસોટી છે.

પુસ્તકોનો સ્નેહ એ ઇશ્વરના રાજ્યમાં પહોંચવાનો પરવાનો છે.

ખરાબ ચોપડીઓનું વાંચન એ ઝેર પીવા સમાન છે.

મહેલોથી તથા અખુટ ભંડારથી જે સંતોષ નહિ મળે તે સંતોષ ઉત્તમ પુસ્તકોમાંથી પ્રાપ્ત થશે.

જેણે કદી ભુલ કરી નથી તેણે કદી કાર્ય કર્યું નથી.

એટલાં બધાં કાર્ય એકી સાથે શરૂ ન કરો કે જેથી તમારૂં એક પણ કા ર્ય સારી રીતે થઇ શકે નહી.

(કેળવણી પંચાંગમાંથી)

આ જીંદગી શ્રમ, સ્નેહ અને જીવનની છે.

ત્હેનો પહેલો ધર્મ "શ્રમ"નો છે, કે જે શરીરને આળસમાંથી છોડવીને મહેનતુ બનાવે છે.

બીજો ધર્મ 'સેવા"નો છે, કે જે હૃદયને સ્વાર્થમાંથી મુક્ત કરીને અન્ય પ્રાણીઓ-ને ચ્હાતાં શીખવે છે.

ત્હેનો ત્રીજો ધર્મ "આત્મબલિદાન"નો છે, કે જે જીવાત્માને નિમાલ્ય, સામા-ન્ય જીવનને બદલે સાચું, દેવતાઇ જીવન ---તાં શીખવે છે.

યુવક રત્ન.